dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue - 343 | AD - 2024, Bhadarva Sud - 14 | Tuesday, Dt.17-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## સરદાર પટેલે અખંડ ભારત બનાવ્યું જેને સત્તાના લાલચી લોકો ટુકડા કરવા માંગે છે : વડાપ્રધાન

# હું દેશ કલ્યાણના માર્ગે ચાલી નીકળ્યો છું, પાછો હટવાનો નથી : નરેન્દ્ર મોદી

અમદાવાદ,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજીવાર પીએમ બન્યા બાદ આજે પ્રથમવાર ગુજરાત આવ્યા છે, આ દરમિયાન તેમણે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતેથી ૮૦૦૦ કરોડના વિકાસકામોના અનેક પ્રોજેક્ટનું લોકાર્પણ તેમજ ઈ-ખાતમૂહુર્ત કર્યુ. પીએમ મોદીએ વિશાળ જનસભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે તાજેતરમાં ગુજરાતમાં આવેલા પૂરનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું આ વર્ષે ગુજરાતના અનેક વિસ્તારોમાં એકસાથે અતિવૃષ્ટિ થઈ છે. પહેલીવાર ગુજરાતમાં આટલા વ્યાપક સ્તરે



આટલા ઓછા સમયમાં આટલો તેજ વરસાદ જોવા મળ્યો. એકાદ સ્થળે નહીં પરંતુ ગુજરાતના અનેક જિલ્લાઓમાં અતિવૃષ્ટિ થઈ છે. તેના કારણે અનેક પરિવારોએ તેમના સ્વજનો ગુમાવ્યા છે. જાનમાલની પણ હાનિ થઈ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર તમામ પ્રભાવિતોને મદદ કરવામાં લાગેલી છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યુ કે ત્રીજીવાર પીએમ પદના શપથ લીધા બાદ પ્રથમવાર ગુજરાત આવ્યો છું. તમે લોકોએ હંમેશા મને પ્રેમથી ભરી દીધો છે. દીકરો જ્યારે પોતાના ઘરે આવે છે અને પોતાનાઓના આશીર્વાદ લે છે ત્યારે તેને નવી ઊર્જા મળે છે. તેનાથી ઉત્સાહ અને જોશ વધી જાય છે. આટલી મોટી સંખ્યામાં જોતા લોનની કિંમત ૧૦ લાખથી વધારી ૨૦ લાખ કરી દેવાઈ છે. મેં માતાઓ બહેનોને ગેરંટી આપી હતી ૩ કરોડ લખપતિ દીદીની, ગત વર્ષોમાં ૧ કરોડ લખપતિ દીદી બની છે. ત્રીજી ટર્મમાં પ્રથમ ૧૦૦ દિવસોમાં જ ગુજરાત સહિત સમગ્ર દેશમાં ૧૧ લાખ નવી લખપતિ દીદી બની છે. તેલિબિયા ઉગાડનારા ખેડૂતોના હિતમાં મોટો નિર્ણય લીધો છે. દેશના ખેડૂતો, તેલિબિયાના ખેડૂતોના ફાયદા માટે વિદેશી તેલની આયાત પર મૂલ્ય વધારવામાં આવ્યા. સોયાબીનના ખેડૂતોને ફાયદો થશે. બાસમતી ચોખા અને ડુંગળીની નિકાસને છૂટ આપી દેવાઈ છે. તેનાથી વિદેશોમાં પણ ભારતના ચોખા અને પ્યાજની માગ વધી છે. તેનાથી પણ દેશના કરોડો ખેડૂતોને ફાયદો થશે. આવનારા ૨૫ વર્ષમાં આપણે દેશને વિકસિત બનાવવાનો છે. તેમાં ગુજરાતની મોટી ભૂમિકા છે. ગુજરાત આજે મેન્યુફેક્ચરિંગનું સૌથી મોટુ હબ છે. ગુજરાત દેશના વેલકનેક્ટેડ રાજ્યોમાંથી એક છે.

આપ આશીર્વાદ આપવા પધાર્યા તે મારુ સૌભાગ્ય છે. વડાપ્રધાને કહ્યું ૬૦ વર્ષ બાદ દેશની જનતાએ એક ઈતિહાસ રચ્યો છે. એક જ સરકારને લગાતાર ત્રીજીવાર દેશની સેવા કરવાનો અવસર પ્રદાન થયો છે. આ ભારતના લોકતંત્રની મોટી ઘટના છે. લોકસભા ચૂંટણી પહેલા આપ સહુને મે એક ગેરંટી આપી હતી. મે કહ્યુ હતું કે ત્રીજી ટર્મના ૧૦૦ દિવસમાં દેશ માટે અનેક અભૂતપૂર્વ નિર્ણયો લેવામાં આવશે. છેલ્લા ૧૦૦ દિવસમાં મે દિવસ રાત જોયા વિના ૧૦૦ દિવસના એજન્ડાને પુરા કરવામાં પૂરી તાકાત લગાવી દીધી.

પીએમએ વિપક્ષ પર નિશાન તાક્યુ કે છેલ્લા ૧૦૦ દિવસમાં તમે જોયુ હશે કે જાણે કેવી કેવી વાતો થવા લાગી, મારી મજાક ઉડાવવા લાગ્યા, મોદીની મશ્કરી કરવા લાગ્યા અને તર્કવિતર્ક કરવા લાગ્યા. લોકો મજા લેતા હતા. લોકોને પણ આશ્ચર્ય હતું કે મોદી કેમ ચૂપ છે. પરંતુ મોદી સરદાર પટેલની ભૂમિ પર પેદા થયેલો દીકરો છે. દરેક મજાક, દરેક અપમાનને સહન કરતા એક પ્રણ લેતા ૧૦૦ દિવસ તમારા કલ્યાણ, દેશ હિત માટે નીતિ બનાવવા અને નિર્ણય લેવામાં લગાવ્યા છે અને નક્કી કર્યુ હતું કે જેને જેટલી મજાક ઉડાવવી હોય ઉડાવી લે હું એકપણ જવાબ નહીં આપુ.

પીએમએ કહ્યું દેશમાં ૭૦ વર્ષથી ઉપરના જેટલા પણ વૃદ્ધો છે તેમને ૫ લાખની મફત સારવાર મળશે. હવે મિડલ ક્લાસના દીકરા-દીકરીઓએ માતાપિતાની સારવારની ચિંતા નહીં કરવી પડે. આ ૧૦૦ દિવસમાં યુવાનોની નોકરી, રોજગાર, સ્વરોજગાર માટે મોટા નિર્ણયો લેવાયા. યુવાનો માટે ૨ લાખ કરોડ રૂપિયાના વિશેષ પીએમ પેકેજની જાહેરાત કરાઈ. જેનો ફાયદો ૪ કરોડથી વધુ યુવાનોને થશે. હવે કંપનીમાં પ્રથમ નોકરીની પ્રથમ સેલરી પણ સરકાર આપશે. પીએમએ ઉમેર્યુ કે સરકારની મુદ્રા લોન યોજના સ્વરોજગારના ક્ષેત્રમાં નવી ક્રાંતિ લાવી છે. તેની સફળતાને

### મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં એક દિવસીય સ્પેશિયલ પ્લાન્ટેશન 'એક પેડ મા કે નામ' ડ્રાઇવનું આયોજન કરાશે

નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ "એક પેડ મા કે નામ" અભિયાનને વધુ વેગ આપવાના ઉમદા હેતુથી તેમજ વડાપ્રધાનના જન્મ દિવસ નિમિત્તે તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સમગ્ર દેશમાં એક દિવસીય સ્પેશિયલ પ્લાન્ટેશન ડ્રાઈવનું આયોજન કરવા આવશે. આ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સચિવાલય સંકુલ,ગાંધીનગર ખાતે સવારે ૯:૪૫ કલાકે રાજ્યકક્ષાનો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.

### પીએમ મોદીએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રોનું લોકાર્પણ કર્યું



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના મોટેરાથી ગાંધીનગર સુધીની કનેક્ટિવિટી પૂરી પાડતા અમદાવાદ મેટ્રોના બીજા તબક્કાનું લોકાર્પણ કર્યુ. તેની સાથે તેમણે ઇ-ટિકિટ લઈને અમદાવાદના મોટેરાથી ગાંધીનગર સુધીની મુસાફરી પણ કરી. તેમણે ૨૧ કિ.મી.ના કોરિડોરને આ સાથે ખુલ્લો મૂક્યો. આ ફેઝમાં મેટ્રોની કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે, જેમાં ફેઝનો એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જશે. તેના લીધે કર્મચારીઓ અને પ્રવાસીઓને વધુ એક્સેસ મળવાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ વેગ મળશે.

### ભુજ-અમદાવાદ વંદે મેટ્રો 'નમો ભારત રેપિડ રેલ' તરીકે ઓળખાશે

ભુજ-અમદાવાદ વચ્ચે દોડતી વંદે મેટ્રોનું નામ તેના ઉદ્દઘાટનના કલાકો પહેલા જ બદલવામાં આવ્યું હતું. આ ટ્રેન હવે નમો ભારત રેપિડ રેલ તરીકે ઓળખાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ભુજ રેલ્વે સ્ટેશનથી ભુજ-અમદાવાદ વચ્ચે દોડતી મેટ્રો સેવાને લીલી ઝંડી આપી હતી. રેલવે પ્રવક્તાના જણાવ્યા અનુસાર, આ ટ્રેન ભુજથી અમદાવાદ સુધીનું ૩૫૯ કિલોમીટરનું અંતર ૫:૪૫ કલાકમાં કાપશે. તેમજ આ ટ્રેન નવ સ્ટેશનો પર ઉભી રહેશે. મંગળવારથી આ ટ્રેનમાં મુસાફરો મુસાફરી કરી શકશે.












## અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.,અમરેલી

'ભોજલરામ ભવન',રાજમહેલ રોડ, હેડ-ઓફિસ, અમરેલી.ફોન નં. ૦૨૭૯૨-૨૨૨૬૦૧,
ઈ-મેઈલ : ho@ajmsbank.com વેબસાઈટ :www.ajmsbank.com

:: સૂચના પત્ર (રીવાઈઝડ)::

અમેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ના શેર હોલ્ડર્સને આથી જાણ કરવામાં આવે છે કે, આ બેંકની ૧૧૪ મી વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૨૧/૦૯/૨૦૨૪ ને શનિવારના રોજ સવારના ૧૦:૦૦ કલાકે અમરદાણ ફેકટરી સામે CENTRE OF EXCELLENCE, (ET/IVF) લેબ, ધારી રોડ, અમરેલી મુકામે નીચેના કામો માટે મળશે.

:: એજન્ડા ::

૧. ગત તા. ૨૪/૦૯/ ૨૦૨૩ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ ( પ્રોસીડિંગ્સ) વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૨. બેંકના તા. ૩૧/૦૩/ ૨૦૨૪ આખરનાં બોર્ડ ઓફ ડીરેકટર્સે મંજુર રાખેલ નફા-નુકશાન ખાતાનો હિસાબ, સરવૈયુ અને વાર્ષિક અહેવાલ મંજુર રાખવા બાબત.
૩. બેંકના સને. ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી બોર્ડ ઓફ ડીરેકટર્સે કરેલ ભલામણ મુજબ મંજુર કરવા બાબત.
૪. નાબાર્ડ દ્વારા બેંકના સને ૨૦૨૨-૨૦૨૩ ના નાણાકીય વર્ષના કરવામાં આવેલ ઈન્સ્પેકશન અન્વયેનો ઈન્સ્પેકશન મેમો અને તેને લગત ઈન્સપેકશન દુરસ્તી મેમો વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૫. બેંકના સને ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના હિસાબોનુ સ્ટેચ્યુટરી ઓડીટ શ્રી સંજીવ આર. દોશી, એસોસીએટસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, રાજકોટ તરફથી થયેલનો સ્ટેચ્યુટરી ઓડીટ રીપોર્ટ અને તેને લગત સ્ટેચ્યુટરી દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૬. NG Techassurance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૨-૨૦૨૩ અને સને ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના થયેલ Vulnerability Assessment & Penetration Testing (VAPT) નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૭. NG Techassurance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના થયેલ GAP Assessment of Cyber Security Controls Report નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૮. NG Techassurance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના થયેલ સીસ્ટમ ઓડીટનો (ઈલેક્ટ્રોનીક ડેટા પ્રોસેસીગ) ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૯. બેંકની જુદીજુદી કમીટીઓ દ્વારા તા. ૦૧/૦૪/૨૦૨૩ થી ૩૧/૦૩/૨૦૨૪ સુધી કરાયેલી કામગીરીને બહાલી આપવા બાબત.
૧૦. બેંકની ૨૬/૦૪/ ૨૦૨૪ ની બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગના ઠરાવ નં ૭૯ થી પેટા નિયમમાં કરેલ સુધારાને બહાલી આપવા બાબત.
૧૧. મહેરબાન પ્રમુખશ્રીની મંજુરીથી પ્રમુખસ્થાને અન્ય જે કાંઈ રજુ થાય તે.

નોંધઃ-
(૧) બેંકના વ્યકિત સભાસદોના ડેલીગેટોની ચુંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોકત સ્થળે સાધારણ સભા અગાઉ ૦૯:૩૦ કલાકે મળશે. જેમાં તમામ વ્યકિત સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી છે.
(૨) બેંક સાથે જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ બેંકની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો ઠરાવ કરી બેંકને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે સાથે લાવવી.
(૩) સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષનો વાર્ષિક અહેવાલ અલગથી મોકલવામાં આવશે. જેની નોંધ લેવી.

સ્થળઃ- હેડ ઓફિસ, અમરેલી
તારીખઃ- ૦૬/૦૯/૨૦૨૪

બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

બોર્ડ ઓફ ડીરેકટર્સની સુચનાથી
સહી
(બી.એસ. કોઠીયા) જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
અ.જી.મ.સ.બેંક લી., અમરેલી.



## અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
## " અમર ડેરી" અમર ત્રીભેટો, ધારી રોડ - અમરેલી

ક્રમાંક/અમર/એડી/એમ.ડી./૬૮/૨૪-૨૫ તારીખ ૧૫/૦૯/૨૦૨૪

દૂધ સંઘની વાર્ષિક સાધારણ સભાની તારીખમાં ફેરફાર કર્યાની જાણ સારું

અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના શેર હોલ્ડર્સને તથા સૂચિત દૂધ મંડળીઓના પ્રાયોજકોને જાણ કરવામાં આવે છે કે, આ દૂધ સંઘની ૨૨ મી વાર્ષિક સાધારણ સભા આગામી તા.૨૨/૦૯/૨૦૨૪ ને રવિવારના રોજ સવારના ૧૦-૩૦ કલાકે સેન્ટર ઓફ એક્સેલન્સ, ET/IVF લેબ, ધારી રોડ, અમર દાણ ફેક્ટરી સામે રાખેલ હતી જે અનિવાર્ય સંજોગોના કારણે તારીખમાં ફેરફાર થયેલ છે. જે અંગેની નવી તારીખ ૨૧/૦૯/૨૦૨૪ ને શનિવારના રોજ સવારના ૧૦-૩૦ કલાકે અગાઉ મોકલેલ એજન્ડા મુજબના સેન્ટર ઓફ એક્સેલન્સ, ET/IVF લેબ, ધારી રોડ, અમર દાણ ફેક્ટરી સામે મળશે. જેની નોંધ લેવા વિનંતી.

સ્થળ - અમર ડેરી, અમરેલી

બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સુચનાથી
ડો. આર. એસ. પટેલ
મેનેજીંગ ડીરેક્ટર
અમર ડેરી - અમરેલી





# સાવરકુંડલાનાં દરબારગઢ પાસે આર એન્ડ બી વિભાગની બેદરકારી


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલા દરબારગઢમાં આવેલ જૂની પોલીસ ચોકીની દિવાલ પડી જતાં આર એન્ડ બી વિભાગે જેસીબીની મદદથી દીવાલ, સ્લેબ પાડી દીધો હતો. જેનો કાટમાળ ભરીને જગ્યા ખાલી કરવાની હોય પરંતુ આર એન્ડ બી વિભાગનાં અધિકારીઓ દીવાલ કરતાં ૪ થી ૫ ફૂટની જાહેર જગ્યા દબાવીને કાટમાળ ઉપાડવો ન પડે અને તેઓ પતરા ફીટ કરવા માંગતા હોય જેથી આ જગ્યા ઉપર રહેલ કાટમાળ ખસેડવો જરૂરી બન્યો છે. આર એન્ડ બી વિભાગ લોકોને સુવિધા આપવાને બદલે કામને રોળી નાખવાની જૂની પદ્ધતિ અપનાવી રહ્યો છે જેથી હાડમારી વધશે. ટ્રાફિક પ્રશ્ન, ગટર, જીઈબીનાં થાંભલા વગેરે આ પતરાની પાછળ અથવા કાટમાળની નીચે હોય જેથી અધિકારી પોતાની આળસ ખંખેરે અને કાટમાળ ખસેડે તેવી લોકોની માંગણી છે.

# બાબરાના કરીયાણા ગામે રૂ. ૧૬.૫૦ લાખના ખર્ચે વિવિધ કાર્યોનો જનક તળાવીયા દ્વારા પ્રારંભ



બાબરા, તા.૧૬

બાબરા તાલુકાના કરીયાણા ગામે ધારાસભ્યની ગ્રાન્ટ, એટીવીટી યોજનાની ગ્રાન્ટ તેમજ સાંસદ (રા.સ.)ની ગ્રાન્ટમાંથી અંદાજે રૂ.૧૬.૫૦ લાખના અનુદાનની રકમમાંથી કરીયાણા ગામના અલગ અલગ વિસ્તારમાં જુદા જુદા વિકાસના કામોની કામગીરી ટૂંક સમયમાં જ શરૂ કરીને સમય મર્યાદામાં પૂર્ણ કરાશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, નીતિનભાઈ રાઠોડ, હિંમતભાઈ દેત્રોજા, અમરશીભાઈ વાઘેલા, ધીરૂભાઈ મેટાળીયા, ગામના સરપંચ ભુપતભાઈ ખાચર, ગ્રામ પંચાયતના તમામ સદસ્યો, લાલભાઈ, ભોજાભાઈ ભરવાડ, ભાજપના જિલ્લા-તાલુકા, વિવિધ મોરચા, સેલના હોદ્દેદારો સહિતના આગેવાનો, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા તેમજ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સાવરકુંડલા ખાતે સદ્‌ભાવના ગ્રુપ દ્વારા મહારક્તદાન કેમ્પનું આયોજન


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલા સદ્‌ભાવના ગ્રુપ દ્વારા ગણેશ મહોત્સવ પ્રસંગે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ, તેમાં ૨૭૦ લોકોએ રક્તદાન કરેલ. વેદ વોલન્ટરી બ્લડ બેન્ક અને રેડક્રોસ સોસાયટી ખૂબ ખૂબ આભાર માને છે.

# બગસરામાં જ્યોતિ મહિલા વિકાસ સંગઠન દ્વારા તેજસ્વી ૨૪ બાળકોનું સન્માન કરાયું


તસવીર : હાર્દિક બામટા

બગસરા, તા.૧૬

બગસરામાં વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ પ્રેરીત- જ્યોતિ મહિલા વિકાસ સંગઠન દ્વારા, ૧૪ સપ્ટેમ્બરે મહિલા મંડળની બહેનોના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં શહેરમાં ચાલતાં ૩૫ મહિલા મંડળના ૨૪ તેજસ્વી બાળકોને રાજયોગીની બ્રહ્માકુમારી રસિલાદીદીના અધ્યક્ષ સ્થાને તથા અમરેલી જિલ્લાના જાણીતા મહિલા અગ્રણી ભાવનાબેન ગોંડલિયા અને કોકિલાબેન કાકડિયાના અતિથિ વિશેષ સ્થાને એક મહિલા સંવાદ અને વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રમુખ નિરૂપમાબેન વૈષ્ણવ, ભારતીબેન ધાંધિયા, આચાર્ય શોભનાબેન શેખ, પ્રમુખ નિગમબેન બૂચ, વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી જયશ્રીબેન સાવલિયા વગેરેએ ૨૦૦થી વધુ બહેનોને જરૂરી માર્ગદર્શન આપી, ૨૪ બાળકોને સન્માન પત્ર અને ઈનામો આપી બાળકોને બિરદાવેલ હતા. તેમ મહિલા સંગઠનના મંત્રી કવિતાબેન ડામોરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# બાબરાના અમરાપરામાં રામનાથ મહાદેવ મંદિરે બાળકો દ્વારા ગણેશોત્સવ યોજાયો


તસવીર : વિજય માળી

બાબરા, તા.૧૬

અમરાપરામાં આવેલ રામનાથ મહાદેવ મંદિરે બાળકો દ્વારા ગણેશજીની સ્થાપના કરવા આવી છે. નાના ભૂલકાઓએ ઘરે ઘરે જઈને ફાળો એકત્ર કરી મોટું અને સુંદર આયોજન કર્યું છે. અહીં બાળકો દ્વારા ગણપતિ દાદાની આરતી, સત્યનારાયણ ભગવાનની કથા, ધૂન-કીર્તન વગેરેમાં લોકો ભાગ લઈ રહ્યા છે.

# સાવરકુંડલામાં વોરા સમાજ દ્વારા ઈદ-એ-મિલાદની ભવ્ય ઉજવણી


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલામાં દાઉદી વોરા સમાજ દ્વારા હજરત મહંમદ પયગંબરનાં જન્મદિવસે ઈદ-એ-મિલાદની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વોરા સમાજનાં ધાર્મિક અને સામાજીક આગેવાનોની હાજરીમાં શહેરનાં માર્ગો પર વિશાળ જુલુસ નીકળ્યું હતું. જેનું ઠેર-ઠેર ભવ્ય સ્વાગત કરાયું હતું. સાથે જ અગ્રણીઓએ શાંતિનો સંદેશો પાઠવી દેશનાં વિકાસ માટે દુઆઓ કરી હતી. અને વોરા સમાજનાં અગ્રણીઓ દ્વારા કોમી એકતા અને ભાઈચારાનો સંદેશો પાઠવવામાં આવેલ.

# અમરેલીના લાપાળિયા ખાતે જલજીલણી એકાદશીની ઊજવણી



અમરેલી, તા.૧૬

અમરેલીના લાપાળિયા ગામે રામજી મંદિર ખાતે હરિરામબાપુ દ્વારા શરુ કરવામાં આવેલી પરંપરા મુજબ પૂજારી મુનાબાપુની આગેવાનીમાં જલઝીલણી એકાદશીની ઊજવણી કરવામાં આવી હતી. શેત્રુંજી નદીમાં ઠાકોરજીને સ્નાન કરાવ્યા બાદ ગામમાં ઘરે ઘરે ઠાકોરજીની પધરામણી કરવામાં આવી હતી.

# સાવરકુંડલામાં શ્રી ગુર્જર ક્ષત્રિય યુવક મંડળનો ૩૬મો ઈનામ વિતરણ સમારોહ યોજાશે

સાવરકુંડલા, તા. ૧૬

શ્રી ગુર્જર ક્ષત્રિય યુવક મંડળ સાવરકુંડલા દ્વારા આગામી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ૩૬મા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ બપોરે ૩:૦૦ વાગ્યે શ્રી કાનજી બાપુ ઉપવન, પારેખવાડી, સાવરકુંડલા ખાતે યોજાશે. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિના બાલમંદિરથી કોલેજ સુધીના તમામ તેજસ્વી વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને તેમની શૈક્ષણિક કારકિર્દી માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ પ્રસંગે કન્યા ઉત્કર્ષ પુરસ્કારના દાતા સ્વ. હીનાબેન વલ્લભભાઈ ગેડિયા વતી તેમના પરિવારજનો પ્રવીણભાઈ તથા વિજયભાઈ હાજર રહેશે. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય સંત વિજય બાપુ (મહંત - સતાધાર), ગુરુ જીવરાજ બાપુ તથા હસુબાપુ (મહંત માધાબાપુની જગ્યા, સાવરકુંડલા) દ્વારા કરવામાં આવશે. આ મહાનુભાવો વિદ્યાર્થીઓને સફળતા માટે આશીર્વાદ આપશે. શ્રી ગુર્જર ક્ષત્રિય યુવક મંડળના પદાધિકારીઓ, જ્ઞાતિના વડીલો અને યુવાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે તેવી અપેક્ષા છે.

# વિજપડી ખાતે માધવ સેવા ટ્રસ્ટ દ્વારા નેત્રનિદાન કેમ્પ યોજાયો



વિજપડી, તા.૧૬

વિજપડી માધવ સેવા ટ્રસ્ટ દ્વારા લાયન્સ ક્લબ ઓફ અમરેલી અને સુદર્શન નેત્રાલયના સહયોગથી ૧૧૮મા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પના મુખ્ય દાતાના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ડૉક્ટર સ્ટાફ દ્વારા કુલ ૧૭૫ દર્દીઓની આંખની તપાસ અને સારવાર કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૨૬ દર્દીઓને આંખના મોતિયાના ઓપરેશનની જરૂર જણાતા તેમને ખાસ વાહન દ્વારા અમરેલી ખાતે લઈ જવામાં આવ્યા હતા. આ કેમ્પનું આયોજન આહિર સમાજવાડીમાં કરવામાં આવ્યું હતું. કેમ્પને સફળ બનાવવા માટે વિજપડી માધવ સેવા ટ્રસ્ટ અને લાયન્સ ક્લબના પ્રમુખ તથા સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલાથી સતાધાર સુધીની બાઈક પર વિશાળ અલખયાત્રા નીકળી



સાવરકુંડલા, તા.૧૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ધર્મ જાગરણ સમન્વય સૌરાષ્ટ્ર વિભાગ દ્વારા સાવરકુંડલાથી સતાધાર સુધીની અલખયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સતાધાર આપાગીગાની જગ્યાના મહંત પૂજય વિજયબાપુ ઉપરાંત સંતો, મહંતોએ સાવરકુંડલામાં કાનજીબાપુની જગ્યા ખાતેથી અલખયાત્રાનું પ્રસ્થાન કરાવ્યુ હતું. પૂજ્ય આપાગીગાની ગુરૂગાદી ચલાલા પૂ.દાનબાપુની જગ્યામાં મહંત વલકુબાપુના આશિષ લઈને યાત્રા આગળ વધી હતી. આ યાત્રાને સફળ બનાવવા ભીખુભાઈ અગ્રાવત, ભીખાભાઈ કાબરીયા, જગદીશભાઈ ગોહિલ, હિરેનભાઈ ડાભી, અમિતગીરી ગોસ્વામી, અમરેલીથી હાર્દિકગીરી બાપુ, દિગવતભાઈ સહિતની સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# જાફરાબાદમાં વિશાળ હિન્દુ મહાસંમેલન યોજાયું

જાફરાબાદ, તા.૧૬


તસવીર : બાબુ વાટેળ

આજે જાફરાબાદ શહેરમાં કોળી સમાજની વાડી ખાતે એક ભવ્ય હિન્દુ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વિશ્વ હિન્દુ પરિષદના ૬૦ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત સાધુ સંતો અને આગેવાનો દ્વારા દીપ પ્રાગટ્યથી થઈ હતી. ત્યારબાદ, નાનાં બાળકો દ્વારા હિન્દુ સંસ્કૃતિને જાગૃત કરતું એક મનમોહક ગીત રજૂ કરવામાં આવ્યું હતું. ભાવનગર વિભાગના નવનિયુક્ત વાલી ભાષ્કરભાઈ મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા અને તેમના અધ્યક્ષ સ્થાને આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં, જાફરાબાદના પૂર્વ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના પ્રમુખ કરણભાઈ બારીયાના તાજેતરમાં થયેલા નિધન બદલ શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમના આત્માની શાંતિ માટે સર્વ ઉપસ્થિત લોકોએ બે મિનિટનું મૌન પાળ્યું હતું. આ મહાસંમેલનમાં જાફરાબાદ શહેર અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દુર્ગાવાહિની અને માતૃશક્તિ જેવા વિવિધ હિન્દુ સંગઠનોના કાર્યકરો ઉપરાંત, આજુબાજુના ગામડાઓના સરપંચો, જાફરાબાદ તાલુકા પંચાયતના પ્રમુખ અને આરએસએસના કાર્યકરો પણ હાજર રહ્યા હતા.

# રાજુલામાં વર્ષોથી અણઉકેલ્યા પ્રશ્નો મુખ્યમંત્રીની મુલાકાતથી ઉકેલાશે???

રાજુલા, તા.૧૬

રાજુલા તાલુકામાં વર્ષોથી અણઉકેલ્યા પ્રશ્નોની વણઝાર શરૂ છે. ત્યારે આગામી તા.૨૦ નાં રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત દરમિયાન આ પ્રશ્નોની રજૂઆત થાય અને તેનો ઉકેલ આવે તેવી લોકો આશા રાખી રહ્યા છે. રાજુલા સિવિલ હોસ્પિટલમાં ઘણા વર્ષોથી જનરલ સર્જનની જગ્યા ખાલી છે. ઉપરાંત બાળકોનાં ડોકટરની જગ્યા ખાલી છે તથા એમ.ડી. ફીઝીશયનની જગ્યા પણ નથી અમરેલી જિલ્લાનાં ઔદ્યોગિક શહેરમાં નગરપાલિકાનાં ચીફ ઓફિસરની જગ્યા ૨ વર્ષથી ખાલી છે, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી જેવી મહત્વની જગ્યાઓ પણ ઈન્ચાર્જથી ચલાવવામાં આવી રહી છે. રાજુલાનાં હિંડોરણા રોડ પર આવેલ સરકારી આરામગૃહનું અધુરું કામ વર્ષોથી ધૂળ ખાય છે. ન્યાય મંદિરનું અદ્યતન બિલ્ડીંગ તૈયાર છે પણ કચેરીઓ શરૂ થઈ નથી. જિલ્લા કુટીર ઉદ્યોગનું નવું બનેલ બિલ્ડીંગ ઉદઘાટનનાં વાંકે બંધ છે અને વર્ષોથી ચાલતા અનેક કોર્સ હાલ બંધ છે. શહેરનાં મધ્યમાં આવેલા તળાવનાં બ્યૂટીફિકેશન માટેની ગ્રાન્ટ હોવા છતાં કામ થયું નથી. તાલુકાનાં તમામ રસ્તાઓ મગરમચ્છની પીઠ સમાન બની ગયા છે ત્યારે મુખ્યમંત્રીની મુલાકાત સમયે શહેરની જુદી જુદી સંસ્થાઓ દ્વારા યોગ્ય રજૂઆત કરવામાં આવે અને તેનો નિકાલ થાય તેમ શહેરનાં લોકો ઈચ્છી રહ્યાં છે.

# લેઉવા પટેલ ચેરિ. ટ્રસ્ટ M.Sc. મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓનું ઉત્કૃષ્ટ પરિણામ



અમરેલી, તા.૧૬

શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.Sc. મહિલા કોલેજના સેમેસ્ટર-૨ના પરિણામોમાં ઉત્કૃષ્ટ સફળતા મળી છે. કોલેજે ૧૦૦% પરિણામ સાથે ૧૦૦% ફર્સ્ટ ક્લાસ મેળવ્યો છે, જે તેમના શૈક્ષણિક ઉત્કૃષ્ટતાના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. આ વર્ષે ત્રણ વિદ્યાર્થિનીઓએ વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે જેમાં ફસ્ટ રેન્કર: કળથિયા પૂજા, સેકન્ડ રેન્કર: માલનીયા હિરલ અને થર્ડ રેન્કર: નાગર પૂજા રહી હતી. આ સફળતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના M.Sc. (MB) સેમેસ્ટર-૨ના પરિણામોમાં પ્રાપ્ત થઈ છે. કોલેજના આચાર્ય અને સ્ટાફે આ અસાધારણ સિદ્ધિ બદલ વિદ્યાર્થિનીઓને અભિનંદન આપ્યા છે.

# સાવરકુંડલામાં મુળદાસ સેવા ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૧૬



લુહાર જ્ઞાતિ સમાજ સાવરકુંડલા મુળદાસ સેવા ટ્રસ્ટ દ્વારા રવિવારે એક નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ સાવરકુંડલા શહેરમાં નદી કાંઠે આવેલ લુહાર જ્ઞાતિ સમાજ વાડી ખાતે યોજાયો હતો. કેમ્પમાં વિવિધ રોગો જેવા કે ચામડીના રોગ, જૂની ધાધર, ખરજવું, મોંમાં ચાંદા, એલર્જી, શરદી, ઉધરસ, સ્ત્રી રોગો, ડાયાબિટીસ, બી.પી. અને કોલેસ્ટ્રોલ જેવી સમસ્યાઓનું નિદાન અને સારવાર કરી હતી. કેમ્પમાં આવેલા તમામ દર્દીઓને મફત તબીબી તપાસ અને દવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ પહેલથી સમાજના તમામ વર્ગના લોકોને લાભ થયો હતો.

# રાજુલામાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા હિન્દુ મહાસંમેલન યોજાયું

રાજુલા, તા.૧૬



રાજુલામાં લુહાર-સુથાર સમાજ વાડી ખાતે હિન્દુ મહાસંમેલન યોજાયું હતું. ઉપપ્રમુખ વિનુભાઈએ શબ્દોથી સૌનું સ્વાગત કર્યું હતું. મુખ્ય પ્રવકતા કિરીટભાઈ મિસ્ત્રી સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રીએ હાજરી આપી હતી. સંતો શ્રી નારાયણ સ્વામી, શ્રી હરીનંદન સ્વામી, શ્રી અમરદાસ બાપુ, નિગાળ અયોધ્યા દાસ બાપુ, ખાખબાઇ ધીરૂબાપુ તથા ચિરાગ બી. જોષી દ્વારા સભાને સંબોધન કરવામાં આવ્યું હતું. વિપુલભાઈ પરમાર, સાવરકુંડલાના અધ્યક્ષ જૈનમભાઈ અંબાણી, અરૂણભાઈ ગોંડલીયા, જતિનભાઈ ઠાકર, પ્રકાશભાઈ શાહ ભાવનગર તથા રાજુલા તાલુકાના રામ ભક્તો, વિવિધ જ્ઞાતિઓના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આભાર વિધિ યુવરાજભાઈ ચાંદુ, ગૌરાંગ મહેતા, ઘનશ્યામભાઈ મશરૂ, ભાવેશભાઈ તથા કેતનભાઈ દવે, આશિષ પારેખે જહેમત ઉઠાવી હતી.


ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં
કુલ ૩ ગોડાઉન
ભાડે આપવાના છે.
શીતલ આઈસ્ક્રીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309


# ગુજરાત મારવાડી વણકર વિકાસ ટ્રસ્ટ દ્વારા ૧૨ મો વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

અમરેલી, તા.૧૬



બગસરા સમસ્ત મારવાડી વણકર સમાજ આયોજિત સમસ્ત ગુજરાત મારવાડી વણકર વિકાસ ટ્રસ્ટ દ્વારા ૧૨ મો વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો હતો. ડો .યોગેશ જોગસણની અધ્યક્ષતામાં અતિથિ વિશેષ ઉદ્દ્ઘાટક જીનેશભાઈ બઢીયા, વિજયભાઈ ડાભી આશીર્વચન ધર્મેન્દ્ર હેજમ, છગનભાઇ બોરીચા, સાહિત્યકાર દેવજીભાઈ બાજક, સહિત અનેક નામી અનામી સમાજશ્રેષ્ઠી, કેળવણી રત્નો, રાજસ્વી અગ્રણી, સાહિત્યકાર કવિઓ, કર્મચારીની વિશાળ ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત પુરસ્કારોથી સન્માનિત કરાયા હતા. ગુજરાતભરમાંથી અસંખ્ય અગ્રણીઓ, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.


સંકુલ સ્કૂલ બસ વેચવાની છે.


| કંપની-મોડેલ | બસ નંબર | સીટીંગ-કેપેસીટી | ખરીદી વર્ષ | ઓનર |
| --- | --- | --- | --- | --- |
| TATA Skool LPO 9.6T/52 | GJ-14-X-1203 | 46 + 1 | 22/06/2015 | 01 |
| TATA Skool LPO 9.6T/52 | GJ-14-X-1408 | 46 + 1 | 22/06/2015 | 01 |
| TATA School Bus | GJ-14-T-0552 | 16 + 1 | 19/07/2006 | 01 |

★ ઉપરોક્ત ત્રણેય બસ સંસ્થાની માલીકીની છે. ત્રણેય બસ તદ્દન ઓછી ચાલેલ તથા સારી કંડીશન માં છે
★ ત્રણેય બસ સંસ્થા એ વેચવાની હોય તા. ૧૮/૦૯/૨૦૨૪ થી ૦૩/૧૦/૨૦૨૪ સુધી માં સંસ્થા એ રૂબરૂ જોઈ અને બંધ કવર માં બસ વાઈઝ ભાવ આપી જવા
★ બસ અર્થે સંપર્ક – ધર્મેશભાઈ કોલડીયા – ૯૩૭૭૨૦૮૯૫૯
સંકુલ ટેલીફોન નંબર – (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ – ૨૬
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી -Ad 064


## અવસાન નોંધ

**ભાવનગર**

ગંભીરસિંહ જુલુભા વાઘેલા (ઉ.વ.૬૫) સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. હેમભા જુલુભા વાઘેલા, દિલીપસિંહના નાનાભાઈ, અનુભા, જયુભા, વિજયસિંહ, નિર્મળસિંહના પિતાશ્રી, અજયસિંહ, કાનભાઈ, મનદીપસિંહ, સ્વ.ધર્મેન્દ્રસિંહના કાકા, બળભદ્રસિંહ, રાજવીરસિંહ, પ્રિન્સરાજસિંહના મોટાબાપુ થાય છે. તેમનું બેસણું તા.૧૯/૯ને ગુરૂવારના સાંજે ૪થી ૬, ઉત્તરક્રિયા તા.૨૬/૯ને ગુરૂવાર, મહાવીર કોમ્પ્લેક્સ, વિરાણી સર્કલ, કાળિયાબીડ, ભાવનગર રાખેલ છે.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઇ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



Gyanvi Technologies Private Limited
MAKE IN INDIA
OREVA e BIKE MILEAGE MASTI
अब पेट्रोल की टेंशन छोड़ो !
भारत में निर्मित अपनी इलेक्ट्रिक सवारी,ओरेवा ई बाइक चलाओ मगर शान से !
SPECIAL OFFER
OREVA E- BIKE


offer Prize 55,999/- Rs. 59,999/-
No RTO / PUC LICENCE PETROL POLLUCTION REGISTRATION
રાધે મોટર્સ ફોન : ૭૪૦૫૨ ૫૨૩૦૦
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665

PROFESSIONAL spa
પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનું)
ભાઈઓ માટે Rs.1599/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
લેડીઝ માટે Rs.799/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે M.8238744144
HOLIDAY HOTEL

સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી
Appointment Now M.8238599299

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે- M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલશ મુકતીધામ સામે, કેરીયારોડ, બાયપાસ ચોકડી પાસે, - અમરેલી

તંત્રી લેખ

# કેજરીવાલનો દિલ્હી ડેમેજ કંટ્રોલ પ્લાન

જેલ મુક્ત થયા બાદ કેજરીવાલે સૌથી પહેલા પક્ષને થયેલા નુકસાનને ડેમેજ કંટ્રોલ કરવાનું શરૂ કરી દીધું અને જાહેરાત પણ કરી દીધી કે ૪૮ કલાકમાં હું દિલ્હીની ૧૦ વર્ષ જૂની ખુરશી છોડી દઈશ.

રાષ્ટ્રના પાટનગર નવી દિલ્હીનુ શાસન ત્રણ દાયકા સુધી સંભાળનારા શીલા દીક્ષિતનો એક રેકોર્ડ છે. તેમના શાસનથી દિલ્હીનો વિકાસ થયો કે કેમ તે પછીનો પ્રશ્ન છે પરંતુ ત્યારબાદ દિલ્હીના મુખ્યમંત્રી તરીકે આવેલા કટ્ટર ઈમાનદાર કેજરીવાલે દિલ્હીની હાલત બગાડી નાખી છે અને ભ્રષ્ટાચારમાં સંડોવાયા પછી કેજરીવાલે જેલમાંથી છૂટીને તરત કહ્યું કે મારે હવે દિલ્હીની ગાદી નથી સંભાળવી.

દિલ્હી કોંગ્રેસના નેતા સંદીપ દીક્ષિત, જેમની માતા શીલા દીક્ષિત રાષ્ટ્રીય રાજધાનીના ત્રણ વખત મુખ્યમંત્રી રહી ચુક્યા છે, તે આ કોંગ્રેસી નેતા સંદીપ દીક્ષિતે કેજરીવાલની ૪૮ કલાકમાં રાજીનામું આપવાની જાહેરાત સાંભળી અને તરત જ તેણે આકરો રિસ્પોન્સ આપી કહ્યું કે આ સદબુદ્ધિ કેજરીવાલને પહેલા કેમ ન સૂઝી? રાજીનામું આપવાની પહેલા જ જરૂર હતી. અત્યારે શા માટે આવી જાહેરાત કરવી પડી. જ્યારે કેજરીવાલને જેલના સળિયા પાછળ નાખી દેવામાં આવ્યા તે જ વખતે તેને રાજીનામું આપી દેવાની જરૂર હતી. અનેક વિવાદો પછી પણ આ કટ્ટર ઈમાનદાર મુખ્યમંત્રીએ શા માટે આટલું બધું લેટ કર્યું? અરવિંદ કેજરીવાલે દિલ્હીના લોકોને ભાવનાત્મક અપીલ કરી હતી અને ૪૮ કલાકમાં મુખ્યમંત્રી પદ છોડવાની જાહેરાત કરી. એક દાયકાથી જે સત્તાની ખુરશી સંભાળે છે તે ખુરશી હવે તે છોડી દેશે.

આ વસ્તુ કરવી પડે તે તેની મજબૂરી છે, કારણ છે. જેલમાંથી તો મુક્ત થયા પરંતુ મુખ્યમંત્રી પદનું કોઈ કામ તે કરી શકે તેમ નથી. કોર્ટે તેને પાબંધી ફરમાવેલી છે. આથી તેને નછૂટકે સત્તા છોડવાની જાહેરાત કરવી પડે છે. તેઓ દિલ્હીની જનતાની સહાનુભૂતિ જીતવા માગે છે અને ટૂંકા ગાળામાં જો ચૂંટણી થાય તો લોકો તેને મત આપે પરંતુ શરાબ કાંડ અને અન્ય જે કંઈ આક્ષેપો તેના પર કરવામાં આવ્યા છે તે બાબતમાં તેની છબી ખરડાઈ ગઈ છે આમ છતાં તેમને આશા છે કે તેઓ ફરી વખત મુખ્યમંત્રી બની શકશે. હજુ બે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી નજીકના ભવિષ્યમાં છે તેમને કોંગ્રેસીઓએ સ્પષ્ટ કહ્યું છે કે આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કેન્દ્રીય સ્તર પર છે. રાજ્યોમાં લડાઈ ચાલુ છે.

જેલમાંથી છૂટ્યા બાદ કેજરીવાલે કહ્યું કે ×જ્યાં સુધી લોકો તેમનો ચુકાદો જાહેર નહીં કરે ત્યાં સુધી હું તે ખુરશી પર બેસીશ નહીં. દિલ્હીમાં ચૂંટણીને મહિનાઓ બાકી છે. મને કાયદાકીય અદાલતમાંથી ન્યાય મળ્યો, હવે મને જનતાની અદાલતમાંથી ન્યાય મળશે. પછી જ હું મુખ્યમંત્રીની ખુરશી પર બેસીશ. કેજરીવાલ અને તેમની પાર્ટીના અન્ય નેતાઓ સામેના ભ્રષ્ટાચારના આરોપોએ ભ્રષ્ટાચાર વિરોધી ચળવળમાંથી જન્મેલા પક્ષ પર પર પાણી ફેરવી દીધું છે. તેણે પક્ષની પાયમાલી કરી છે અને કોંગ્રેસ તેની વક્રોક્તિનો આનંદ માણી રહી છે.

# ગ્રીન ઉર્જા - ક્લીન ઉર્જામાં બાયોમાસ ઉર્જા પણ અતિ ઉપયોગી

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આપણું રાષ્ટ્ર પુનઃપ્રાપ્ય ઉર્જા એટલે કે સોલાર એનર્જી, વિન્ડ એનર્જી ક્ષેત્રે ઝડપભેર આગળ વધી રહ્યું છે જેના સંદર્ભમાં ગુજરાત રાજ્યમાં આર ઈ-ઈન્વેસ્ટ :૨૦૨૪નું આયોજન ચાલી રહ્યું છે. સોલાર અને વિન્ડ એનર્જી ઉપરાંત આના નવા ક્ષેત્ર અંગે હવે વિચારવું જરૂરી છે. સામાન્ય રીતે લોકોની સમજ એવી છે કે પુનઃપ્રાપ્ય ઉર્જા એટલે માત્ર સોલાર પેનલ અને વિન્ડ મીલ એટલે કે પવનચક્કી પરંતુ પુનઃપ્રાપ્ય ઉર્જામાં અન્ય બાબતો પણ આવે છે જેની લોકોને સમજ આપવી અત્યંત જરૂરી છે. પરંપરાગત ઉર્જામાં કોલસો અથવા ડીઝલ બાળીને આપણે વીજળી પેદા કરીએ છીએ પરંતુ વૈકલ્પિક ઉર્જા ક્ષેત્રમાં અમાપ શક્યતા રહેલી છે. તેના તરફ વધુ ધ્યાન આપવાની સરકારને તથા આ ક્ષેત્રમાં કામ કરતી કંપનીઓએ વિચારવું જરૂરી છે.

વૈકલ્પિક ઉર્જાનો એક સેમિનાર ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ચાલી રહ્યો છે. તેમાં ૨૫,૦૦૦ કરતા વધુ લોકો હાજર રહેવાના છે અને ૨૦૦ કરતાં વધારે વક્તાઓ ભાષણ આપવાના છે. પરંતુ જેની સૌથી વધુ જરૂર છે તે બાબતમાં વધુ ધ્યાન આપવામાં આવે તે જરૂર છે.

સૌર ઊર્જા ઘણી સારી વસ્તુ છે. એક લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે કે ગુજરાતનું પુનઃપ્રાપ્ય ઉર્જા ઉત્પાદનનું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ગીગા વોટનું રાખવામાં આવ્યું છે. આ સમારોહના મુખ્ય ત્રણ સૂત્રો છે ઈન્વેસ્ટ એટલે કે આ ક્ષેત્રમાં વધુને વધુ રોકાણ કરો. બીજું સૂત્ર છે ઈનોવેટ. ઈનોવેટ એટલે આ ક્ષેત્રની અંદર કંઈક નવું કરો, કંઈક નવા વિચાર આપો, કંઈક નવું સંશોધન કરો અને ત્રીજું સૂત્ર છે એસ્પાયર એટલે કે લોકોને પુનઃપ્રાપ્ય ઉર્જા ઉત્પન્ન કરવા માટે પ્રેરિત કરો, તેનો પ્રચાર કરો. આ ત્રણેય બાબતોને આવરી લેતા ભાષણો ૧૮ સપ્ટેમ્બર સુધીમાં આ સમારોહમાં કરવામાં આવશે. હવે મેઈન વાત પર આવીએ તો સોલાર ઉર્જા અને વિન્ડ ઉર્જા સિવાયના જે સ્તોત્ર છે તેના પર સીધું ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. આમાં મુખ્ય છે બાયોલોજી મતલબ કે જે બાયોલોજીકલ વેસ્ટ નીકળે છે તેમાંથી આપણે ખૂબ મોટા પ્રમાણમાં બાયોગેસ ઉત્પન્ન કરી શકીએ તેમ છીએ. આ ગેસને કોમ્પ્રેસ કરીને તેનો અનેક રીતે ઉપયોગ થઈ શકે તેમ છે. આજે આપણા તળાવો, નદીઓ અને બંધીયાર પાણીમાં ખૂબ ઝડપથી વિસ્તરતી જલજ વનસ્પતિ ઉગે છે દાખલા તરીકે ભાવનગરમાં કંસારાના શુદ્ધિકરણ પ્રોજેક્ટની અંદર જેસીબીથી આ વનસ્પતિને અત્યારે કાઢવામાં આવી રહી છે તેના મોટા મોટા ઢગલા થાય છે આ નકામી વસ્તુ નથી. આને પણ બાયોલોજીકલ કન્વર્ટર દ્વારા અન્ય ઉર્જામાં રૂપાંતર કરી શકાય તેમ છે. આને પણ પુનઃપ્રાપ્ય ઉર્જા કહી શકાય. આપણા ગુજરાતની અંદર લાખો એકરમાં જે એગ્રીકલ્ચર વેસ્ટ નીકળે છે તેમાંથી પણ વિદ્યુત ઉત્પાદન અને ગેસ ઉત્પાદન થઈ શકે તેમ છે. આપણા બાગ બગીચાઓ અને જંગલોમાંથી પણ બાયોલોજીકલ વેસ્ટ નીકળે છે. જેમાં સુકા પાંદડા તથા અન્ય વનસ્પતિજન્ય પદાર્થોનો સમાવેશ થાય છે. આનો પણ પુનઃપ્રાપ્ય ઉર્જામાં ઉપયોગ કરીને તેમાંથી ગેસ ઉત્પાદન થઈ શકે. સોલાર એનર્જી ખૂબ સારી વસ્તુ છે. પરંતુ તેમાં ઈનીશીયલ ઈન્વેસ્ટમેન્ટ માની ન શકાય તેટલું મોટું છે. બીજી વસ્તુ એ કે એક વાર સોલાર પેનલ ફીટ થયા પછી અવારનવાર તેની સાફસુફી અને તેનું પ્રિવેન્ટીવ મેન્ટેનન્સ પણ અત્યંત જરૂરી છે. તેમાં મોટાભાગે બેદરકારી રાખવામાં આવતી હોવાથી વીજ ઉત્પાદન ધીમે ધીમે ઘટતું જાય છે. આવી જ રીતે ઓફ ગ્રીડ સોલાર સિસ્ટમમાં જે બેટરી આવે છે તેનું મેન્ટેનન્સ પણ અમુક સમયે કરવું પડે છે તેની ચોક્કસ સાયકલ પૂરી થયા બાદ તેની વીજ ગ્રહણ ક્ષમતા ઘટતી જાય છે અને એક સમયે આ બેટરીમાં વીજભારનો સંગ્રહ થઈ શકતો નથી ત્યારે આ બેટરી બદલવી પડે છે. એ ખૂબ મોટો ખર્ચ છે. પરંતુ જો ઓન ગ્રીડ સોલાર પેનલ સિસ્ટમ હોય તો જે તે વ્યક્તિ રોજે રોજ જે વીજળી ઉત્પન્ન થાય છે તેનો સીધો ઉપયોગ કરી શકે છે આમાં જે સરપ્લસ વીજળી હોય છે તે ગ્રીડમાં જાય છે અને અલગ મીટર દ્વારા કેટલી વીજળી ગ્રીડમાં ગઈ છે તેનું રીડિંગ આવે છે અને આ સરપ્લસ વીજળીના પૈસા જે તે વ્યક્તિના ખાતામાં જમા થાય છે આમ આ યોજના લોકોને ઉપયોગી છે લાંબા ગાળે તેનો આર્થિક ફાયદો પણ થાય છે.

આવી જ રીતે વિન્ડ એનર્જીમાં પણ પ્રિવેન્ટીવ મેન્ટેનન્સ અત્યંત જરૂરી છે. જ્યારે બાયોલોજીકલ વેસ્ટમાંથી ઉત્પન્ન થતી ઉર્જામાં આ વસ્તુનું પ્રમાણ ઓછું છે. આથી બાયોવેસ્ટ એનર્જીમાંથી પુનઃપ્રાપ્ય ઉર્જા ઉત્પન્ન કરવામાં આવે તો તે પ્રમાણમાં સસ્તી, સહેલી બને છે કારણ કે એક વાર બાયોવેસ્ટ કન્વર્ટર ફીટ કર્યા પછી તેમાં ઝાઝુ રોકાણ કરવામાં આવતું નથી પ્રિવેન્ટીવ મેન્ટેનન્સ પણ ઓછું આવે છે. ભાવનગરમાં ગંગાજળિયા તળાવ ખાતે સ્થાનિક એક્સલ ઈન્ડસ્ટ્રીઝ (હાલ આ કંપની સુમિટોમો તરીકે ઓળખાય છે.) દ્વારા બાયોવેસ્ટ કન્વર્ટરનો પ્લાન્ટ નાખવામાં આવ્યો છે. જેમાં ભાવનગરની મુખ્ય શાકમાર્કેટમાંથી નીકળતા બાયો વેસ્ટને ખાતરમાં કન્વર્ટ કરવામાં આવે છે. એક્સલના માલિક કાંતિસેન કાકાએ પોતાની આગવી સૂઝથી આ બાયોવેસ્ટ કન્વર્ટર બનાવ્યું. તો આને ઈનોવેશન કહી શકાય. આ ઈનોવેશનમાં હજુ પણ સુધારા કરીને તેમાં




ઈમ્પ્રુવમેન્ટ ચોક્કસ થઈ શકે આ બાયોવેસ્ટ કન્વર્ટરમાં ઘણી વખત દુર્ગંધ આવતી હોય છે. તેને નિવારવા માટે પણ નવા સંશોધનને અવકાશ છે. આવા બાયોવેસ્ટ કન્વર્ટર આપણા ગુજરાતની તમામ શાકમાર્કેટ નજીકમાં તેમજ માર્કેટિંગ યાર્ડ નજીક જો નાખવામાં આવે તો બગડી ગયેલા ટમેટા, ડુંગળી જેવા વેસ્ટ મટીરીયલમાંથી પણ ઉર્જા ઉત્પન્ન થઈ શકે. આપણા જંગલોમાં નહીં પણ જંગલથી દૂર ઈકો ફ્રેન્ડલી બાયોવેસ્ટ કન્વર્ટર પ્લાન્ટ સ્થાપીને ઉર્જા ઉત્પન્ન કરવામાં આવે તો ગુજરાત રાજ્યનું૧૦૦ ગીગા વોટનું જે લક્ષ્ય છે તે સહેલાઈથી પ્રાપ્ત થઈ શકશે.

માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પરંપરાગત ઊર્જા પર આલંબન ઘટાડી ભારતને ક્લીન-ગ્રીન ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના લક્ષ્ય સાથે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ **GW** જેટલી પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉત્પાદનનું લક્ષ્ય રાખ્યું છે. આ લક્ષ્યને સાકાર કરવામાં શ્રેષ્ઠ યોગદાન આપવાની નેમ સાથે માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૨૦૩૦ સુધીમાં ગુજરાતમાં ૧૦૦ **GW** જેટલી પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદનનો નિર્ધાર કર્યો છે. આ દિશામાં આગળ વધતા ભારત સરકારના ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી મંત્રાલય દ્વારા ગુજરાતમાં રીન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સપો **'RE-Invest'** નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિશ્વભરના રોકાણકારો પધારી રહ્યા છે. ગુજરાત પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે અગ્રણી રાજ્ય છે અને આ ક્ષેત્રે સિદ્ધિના નવા શિખર સર કરવા પ્રતિબદ્ધ છે.

**બિનપરંપરાગત ઉર્જામાં સૌથી મહત્વની ઉર્જા કોઈ હોય તો તે બાયોમાસ ઉર્જા છે. જેમાં નવા સંશોધનોને ખૂબ મોટો અવકાશ છે.**

# શેરબજારમાં તેજીનો માહોલ, સેન્સેક્સ ૮૩,૧૫૦ અને નિફ્ટી ૨૫,૪૦૦ને પાર

મુંબઈ,તા.૧૭




શેરબજાર ઓલ ટાઈમ હાઈ પહોંચી ગયું હતું. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૮૩,૧૮૪ અને નિફ્ટી ૨૫,૪૪૫ને સ્પર્શ્યો હતો. હાલમાં સેન્સેક્સ ૨૦૦થી વધુ પોઈન્ટના ઉછાળા સાથે ૮૩,૧૫૦ ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. તે જ સમયે, નિફ્ટીમાં પણ લગભગ ૧૦૦ પોઈન્ટનો ઉછાળો જોવા મળી રહ્યો છે. તે ૨૫,૪૦૦ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. શેરબજારમાં એનર્જી, મેટલ અને બેન્કિંગ શેર્સમાં વધુ વૃદ્ધિ જોવા મળી રહી છે. તે જ સમયે, એફએમસીજી શેર્સમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

**બજાજ હાઉસિંગ ફાઇનાન્સના શેર ૧૧૪% વધ્યા:** બજાજ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ, ક્રોસ લિમિટેડ અને ટોલિન્સ ટાયર્સ લિમિટેડના શેર ૧૬મી સપ્ટેમ્બરે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થયા છે. બજાજ હાઉસિંગ ફાઈનાન્સના શેર બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર રૂ.૧૫૦ના ભાવે લિસ્ટ થયા હતા, જે રૂ.૭૦ની ઈશ્યૂ કિંમત કરતાં ૧૧૪.૨૯% વધુ છે. તે જ સમયે, ક્રોસ લિમિટેડના શેર BSE અને NSE પર માત્ર રૂ.૨૪૦ના ઈશ્યૂ ભાવે લિસ્ટ થયા હતા. જ્યારે, ટોલિન્સ ટાયર્સનો શેર BSE પર રૂ.૨૨૭ પર લિસ્ટ થયો હતો, જે રૂ.૨૨૬ની ઈશ્યૂ કિંમત કરતાં ૦.૪૫% વધુ છે. ટોલિન્સ ટાયર્સનો શેર NSE પર રૂ.૨૨૮ પર લિસ્ટ થયો હતો, જે ઈશ્યૂ કિંમત કરતાં ૦.૯% વધુ હતો.

# સોનામાં રૂ.૬૫૦ અને ચાંદીમાં રૂ.૨,૫૦૫નો વધારો નોંધાયો





મુંબઈ,તા.૧૬

બજારમાં ૧૬મી સપ્ટેમ્બરે સોના અને ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, સોમવારે ૨૪ કેરેટ સોનું ૧૦ ગ્રામની કિંમત ૬૫૦ રૂપિયા વધીને ૭૩,૬૯૪ રૂપિયા પહોંચી છે. અગાઉ તેની કિંમત ૭૩,૦૪૪ રૂપિયા પ્રતિ દસ ગ્રામ હતી.

જ્યારે ચાંદી ૨,૫૦૫ રૂપિયા વધીને ૮૮,૬૦૫ રૂપિયા પ્રતિ કિલો થઈ છે. અગાઉ ચાંદીનો ભાવ રૂ. ૮૬,૧૦૦ પ્રતિ કિલો હતો. આ વર્ષે મે મહિનામાં સોનું ૭૪,૨૨૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયું હતું. તેમજ, ૨૯ મેના રોજ ચાંદી રૂ. ૯૪,૨૮૦ પ્રતિ કિલોગ્રામ ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી.

## શબ્દ સંજોગ-૧૮૭૧



**આડી ચાવી :**
(૧) તાજમહેલ આ નદી કિનારે આવેલો છે. (૩)
(૩) પરિણામ (૩)
(૬) આનંદ (૨)
(૭) આ તો ફરાળમાં ખવાય (૩)
(૮) એક બેંક (૨)
(૯) નાનો તંબુ (૩)
(૧૦)..... થઈ ગયેલા કેદીને ઘણીવાર પોલીસ પકડી શકતી નથી (૩)
(૧૧)....., જમીન ને જોરૂ- આ ત્રણ કજીયાના છોરું (૨)
(૧૨) એક પક્ષી (૩)
(૧૪) વદ (૨)
(૧૫) રૂ કાંતીને કાઢેલો તાર (૩)
(૧૭) સર્વ (૩)
(૧૮) ભાસ્કર (૩)
(૨૦) અલગ (૨)
(૨૧) એક અભિનેત્રી (૨)
(૨૨) ડગુ મગુ (૪)
(૨૪) પરાજિત (૩)
(૨૬) સ્થિર (૨)
(૨૭) વહેલી સવારે (૩)

**ઉભી ચાવી :**
(૧)રન્નાદેના ભાઈ (૪)
(૨) દરગાહના પૂજારી (૪)
(૩)“...... કી દુનિયા કો છોડકર” (૪)
(૪) શર, બાણ (૨)
(૫) વિશ્વનું એક ચલણ (૩)
(૮) જૈન મંદિર (૪)
(૧૨) સ્લમ વિસ્તારોમાં આજેય દારૂની..... એટલી જ ફાલીફુલી છે (૨)
(૧૩) વાંક (૩)
(૧૪) આમળો (૨)
(૧૬) એક તેજાનો (૨)
(૧૭) આનંદમાં રહો અને મોજથી જીવો, એજ છે લાંબુ જીવવાનો..... ઉપાય (૩)
(૧૮) મળે.......... જો તારો-મારો, બને આપણો સૂર નિરાળો (૨)
(૧૯) એક દેશ (૨)
(૨૦) ચાલવાની જગ્યા(૩)
(૨૧)ઠંડુ, ઠંડક આપે તેવું (૩)
(૨૩) ગુંજાશ, શકિત (૨)
(૨૫) હિંમત (૨)

## શબ્દ સંજોગ-૧૮૭૦ જવાબ

**આડી ચાવી :** (૧) ગાજવીજ (૪) જહાનમ (૭) તદા (૮) પપનસ (૧૦) અમાનત (૧૧) માણ (૧૩) લાડો (૧૪) માત (૧૫) દાપઆ (આપદા) (૧૭) કયામત (૧૯) કણજી (૨૦) ખસમ (૨૧) વિભાસ (૨૨) યમલ (૨૪) મેનકા (૨૬) ખત (૨૮) નાગ (૨૯) સરભર.


**ઉભી ચાવી :** (૧) ગાતર (૨) જદા (૩) જપમાલા (૪) જનત (જતન) (૫) હાસ (૬) મસૃણ (૯) પનડો (૧૧) માતમ (૧૨) ચોપણ (૧૪) માયામય (૧૫) દાક (કદા) (૧૬) આજીવિકા (૧૭) કસ (૧૮) તરલ (૨૦) ખસખસ (૨૩) મદાર (૨૪) મેના (૨૫) નગ (૨૭) તર.

# અદાણી ગ્રુપ મહારાષ્ટ્રને ૬૬૦૦ મેગાવોટ વીજળી સપ્લાય કરશે

**માર્કેટયાર્ડના ભાવ**

| બાબરા | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૧૭ | ૧૬૮૩ |
| તલ સફેદ | ૨૧૨૫ | ૨૪૭૫ |
| મગ | ૧૪૬૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૩૫૫ | ૧૭૩૫ |
| ઘઉં | ૪૯૩ | ૫૫૭ |
| ચણા | ૧૩૧૦ | ૧૪૩૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૫૫ | ૧૬૯૮ |
| ઘઉં | ૪૮૦ | ૫૬૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૨૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| મગફળી | ૬૦૦ | ૯૦૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ધાણા | ૮૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૮૦ |

મુંબઈ, તા.૧૬




અદાણી ગ્રુપે મહારાષ્ટ્રને ૬૬૦૦ મેગાવોટ રિન્યુએબલ એનર્જી અને થર્મલ પાવરના લાંબા ગાળાના સપ્લાય માટે બોલી જીતી લીધી છે. કંપનીએ આ માટે યુનિટ દીઠ રૂ. ૪.૦૮ની બોલી લગાવી અને **JSW** એનર્જી અને ટોરેન્ટ પાવરને પાછળ છોડી દીધા.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૨૫ વર્ષ માટે રિન્યુએબલ અને થર્મલ એનર્જીના સપ્લાય માટે અદાણી ગ્રુપની બોલી મહારાષ્ટ્ર હાલમાં જે દરે વીજળી ખરીદે છે તેના કરતાં યુનિટ દીઠ એક રૂપિયો ઓછો છે. આનાથી રાજ્યને તેની ભાવિ વીજ જરૂરિયાતો પૂરી કરવામાં મદદ મળશે.

૪૮ મહિનામાં વીજ પુરવઠો શરૂ થશે. લેટર ઓફ ઈન્ટેન્ટ (**LoI**) જારી થયાની તારીખથી ૪૮ મહિનામાં વીજળીનો પુરવઠો શરૂ થવાનો છે. બોલીની શરતો મુજબ, અદાણી પાવર સમગ્ર પુરવઠા સમયગાળા દરમિયાન પ્રતિ યુનિટ રૂ. ૨.૭૦ના દરે સૌર ઊર્જા સપ્લાય કરશે. જ્યારે કોલસામાંથી ઉત્પન્ન થતી વીજળીની કિંમત કોલસાના ભાવના આધારે નક્કી કરવામાં આવશે. મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ (**MSEDCL**) એ માર્ચમાં સૂર્યપ્રકાશમાંથી ઉત્પાદિત ૫૦૦૦ મેગાવોટ અને કોલસામાંથી ઉત્પાદિત ૧૬૦૦ મેગાવોટ વીજળી ખરીદવા માટે એક ટેન્ડર બહાર પાડ્યું હતું. તે લોકસભાની ચૂંટણી માટે આદર્શ આચાર સંહિતા લાગુ થયા પહેલા જારી કરવામાં આવ્યું હતું અને રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત પહેલા અદાણી જૂથને આપવામાં આવ્યું છે. આ ટેન્ડરમાં પીક અવર્સ દરમિયાન વીજળીની માગને પહોંચી વળવા સૌર ઉર્જા અને થર્મલ વીજળી બંનેનો પુરવઠો સામેલ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અદાણી પાવરે કોન્ટ્રાક્ટ જીતવા માટે યુનિટ દીઠ રૂ. ૪.૦૮ની બોલી લગાવી હતી. બીજી સૌથી નીચી બિડ **JSW** એનર્જીની રૂ. ૪.૩૬ પ્રતિ યુનિટ હતી. આ મહારાષ્ટ્રમાં ગયા વર્ષે રૂ. ૪.૭૦ પ્રતિ યુનિટની સરેરાશ વીજ ખરીદ કિંમત કરતાં ઓછી છે. ૨૦૨૪-૨૫ માટે પાવર ખરીદીની સરેરાશ કિંમત રૂપિયા ૪.૯૭ પ્રતિ યુનિટ મહારાષ્ટ્ર ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (**MERC**) એ ૨૦૨૪-૨૫ માટે સરેરાશ વીજ ખરીદ કિંમત રૂ. ૪.૯૭ પ્રતિ યુનિટ નક્કી કરી છે. આમ, અદાણી દ્વારા કરવામાં આવેલી બોલી આના કરતાં યુનિટ દીઠ લગભગ એક રૂપિયા ઓછી છે. ૨૫ વર્ષ માટે વીજ પુરવઠાના ટેન્ડરમાં કુલ ચાર કંપનીઓએ ભાગ લીધો હતો જેમાં અદાણી ગ્રુપે સૌથી નીચી બોલી લગાવી હતી અને કોન્ટ્રાક્ટ મેળવી લીધો હતો.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા ભાજપ સદસ્યતા અભિયાન અંતર્ગત સભ્ય નોંધણી કરાઈ

લાઠી,તા.૧૬




લાઠી-બાબરા વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા લાઠી શહેર, દામનગર શહેર તેમજ લાઠી તાલુકાના અકાળા, હરસુરપુર દેવળીયા, દેરડી જાનબાઈ, ભાલવાવ, ભુરખીયા, મતિરાળા, ચાવંડ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં જઈ ગામલોકોને રૂબરૂ મળી ભાજપ સદસ્યતા અભિયાન અંતર્ગત સભ્ય નોંધણી કરવા અપીલ કરીને સભ્યોની નોંધણી કરી રહ્યા છે. આત્મનિર્ભર, સશકત અને વિકસિત ભારતના નિર્માણ માટે ભાજપના સદસ્ય બનવા ૮૮૦૦૦૦૨૦૨૪ પર મિસ્ડ કોલ કરવા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા અપીલ કરવામાં આવી રહી છે. આ ભાજપ સદસ્યતા અભિયાનમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સાથે લાઠી શહેર, લાઠી તાલુકા, દામનગર શહેર તેમજ લાઠી તાલુકા ભાજપ સંગઠન, મહિલા મોરચાના હોદ્દેદારો તેમજ બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા તેમજ ગ્રામ્ય જનતા દ્વારા આ અભિયાન માટે બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. જેમાં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારની જનતાએ 'આત્મનિર્ભર, સશકત અને વિકસિત ભારત'ના સૂત્રને સાકાર કરીશું તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# એક કરોડ યુવાનોને ૫૦૦ કંપનીઓમાં એક વર્ષની ઈન્ટર્નશીપ અપાશે : મનસુખ માંડવિયા

**આગામી ૫ વર્ષમાં ૪ કરોડ રોજગારીનું નિર્માણ કરાશે**

(એ.આર.એલ),રાજકોટ,તા.૧૬



કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા રાજકોટ આવ્યા હતા. જ્યાં પશ્ચિમના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જેવા કે મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાત, દમણ અને દીવ તથા દાદરા અને નગર હવેલી તથા લક્ષદ્વીપની ત્રીજી પ્રાદેશિક બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ કાર્યક્રમમાં પહોંચતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, વર્તમાન બજેટ યુવાનોને રોજગારી માટેનું રહ્યું હતું. આગામી ૫ વર્ષમાં ૨ લાખ કરોડ ઈન્વેસ્ટ કરીને ૪ કરોડ રોજગારીનું નિર્માણ કરવામાં આવશે. જેમાં દેશના ૧ કરોડ યુવાનોને દેશની ૫૦૦ પ્રીમિયમ કંપનીઓમાં ૧ વર્ષ માટે ઈન્ટર્નશીપ આપવામાં આવશે. બેઠકમાં શ્રમ અને રોજગાર સચિવ સુમિતા દાવરા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, યુવાનોમાં કૌશલ્ય નિર્માણ માટે પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. જેની સમીક્ષા આજે થવાની છે. ૧ કરોડ યુવાનો પ્રીમિયમ ઈન્સ્ટિટ્યુટની અંદર ઈન્ટર્નશીપ કરે એટલે કે ત્યાં વર્લ્ડ ક્લાસ પ્રેક્ટિસ કરી શકે. તેઓ જ્યારે કંપનીમાં નોકરી કરવા માટે જશે ત્યારે ઈન્ટરનેશનલ કક્ષાનું વર્ક કલ્ચર ડેવલપ થશે. આ સાથે જ દેશના યુવાનોને રોજગારી માટે સિંગલ વિન્ડો સર્વિસ સિસ્ટમનો લાભ મળશે. જે માટે નેશનલ કેરિયર સર્વિસ પોર્ટલનો પ્રારંભ કરવામાં આવેલો છે.

# પેઢાવાડામાં જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય સપ્તાહ, લોક અદાલત વિશે સેમિનાર યોજાયો


કોડીનાર,તા.૧૬



જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, તાલુકા કાનૂની સેવા સમિતિ, ત્રિનેત્ર અને નોબલ હેન્ડ ફાઉન્ડેશન-કોડીનાર અને દહેજ પ્રતિબંધક અધિકારીની દેખરેખ હેઠળ કાર્ય કરતી સંકલ્પ-DHEW ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન ગીર સોમનાથની ટીમ દ્વારા કોડીનાર તાલુકાના પેઢાવાડા માધ્યમિક શાળાના પ્રાર્થના ખંડમાં એનરોલમેન્ટ ડ્રાઈવ કાર્યક્રમમાં "જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય સપ્તાહ અંતર્ગત કિશોરીઓને અને કિશોરોને આ વિષયક માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ યોજનાની માહિતી આપવામાં આવી હતી.

# જામનગરમાં દુ:ખદ દુર્ઘટના!, ૪ બાળકો તળાવમાં ન્હાવા જતાં ડૂબ્યા, પરિવાર પર ફાટ્યું આભ

(એ.આર.એલ),જામનગર,તા.૧૬



જામનગરનાં આલિયાબાડા તળાવમાં ૪ બાળકો નહાવા પડતા ડૂબી ગયા હતા. જામનગર ફાયર બ્રિગેડ દ્વારા રેસ્ક્યું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ફાયર વિભાગને ૪ માંથી ૧ બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. બાળકના મોતના સમાચાર પરિવારજનોને મળતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. ચાર દિવસ અગાઉ ગણેશ વિસર્જનમાં ડૂબવાથી ૮ લોકોના મોત થયા હતા. આ ઘટના દહેગામ તાલુકાના વાસણા સોગઠી ગામ પાસે બની હતી. મેશ્વો નદીમાં ગણપતિની મૂર્તિ વિસર્જન કરવા ગયેલા યુવકોમાંથી ૧૦ લોકો નદીમાં ડૂબ્યા હતા. જેમાંથી ૮ લોકોના મૃતદેહ બહાર કઢાયા છે. આ ઘટનામાં એ પણ જાણવા મળ્યું છે કે ૧ યુવકને બચાવવા અન્ય યુવકો પડ્યા હતા. ૮ મૃતકમાંથી ૭ લોકો વાસણા સોગઠી ગામના રહેવાસી હોવાનો ખુલાસો થયો છે, જ્યારે અન્ય ૧ કપડવંજ તાલુકાના વાધાવત ગામનો રહેવાસી હોવાનો ખુલાસો થયો છે. આ ઘટનાને લઈને ચકચાર મચી છે. મૃતદેહ બહાર કાઢવા માટે એનડીઆરએફ અને એસડીઆરએફની મદદ લેવામાં આવી છે.

# સગીરાનું અપહરણ કરનાર ઊંઝાનો આરોપી રાજુલા પાસેથી ઝડપાયો

રાજુલા,તા.૧૬

રાજુલા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાજેતરમાં પેટ્રોલિંગમાં કાતર રોડ તરફ જતો હતો તે દરમિયાન ખાખબાઈ ગામ તરફ જવાના રોડના પાટીયાની પાસે આવતા એક ઈસમ શંકાસ્પદ હાલતમાં પોતાની સાથે સગીર વયની દીકરીને લઈને બેઠેલ હતો. તેની પૂછપરછ કરતા જાણવા મળેલ કે, આ ઈસમ મહેસાણા જિલ્લાના ઊંઝા પોલીસ સ્ટેશનના જગન્નાથપુરા રાજપુતવાસમાં રહેતા ફરિયાદીની સગીર વયની દીકરીને લલચાવી ફોચલાવી તેમજ લગ્ન કરવાના ઈરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડીને લઈ ગયેલ હતો. આ મામલાની ખરાઈ કરતાં આરોપી તથા ભોગ બનનારને હસ્તગત કરી ઊંઝા પોલીસ સ્ટેશનને સોંપી આપી અનડીટેક્ટ ગુનો ડીટેક્ટ કરી અપહરણ કરનાર ઈસમને ભોગ બનનાર સાથે પકડી પાડવામાં આવેલ. પકડાયેલ આરોપીનું નામ વિપુલજી ભરતજી ઠાકોર છે, તે ઊંઝા તાલુકાના ભુંણાવનો રહેવાસી છે.

# નેસડા ગામે ઈંગ્લીશ દારૂના મોટા જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડતી ગીર સોમનાથ એલસીબી

કોડીનાર, તા.૧૬



ગીર સોમનાથ એલસીબીએ નેસડા ગામે એક ટાટા કંપનીનો મીની ટ્રક જેમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ હોય જે હેરાફેરી કરવાની ફીરાકમાં હોય જેથી ત્યાં જઈ રેઈડ કરતા ટાટા કંપનીનો ઓપન બોડી ટ્રકમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટીઓ નંગ ૨૦૫ બોટલો નંગ-૨૪૩૬ તથા બીયર નંગ-૪૮ કિં.રૂ.૯,૭૯,૨૦૦/- તથા મીની ટ્રક કિં.રૂ.૪,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧૩,૭૯,૨૦૦/-સાથે એક ઈસમને પકડી પાડી વધુ પૂછપરછ કરતા આ દારૂ પૈકી અન્ય દારૂનો જથ્થો માનભાઈ ભીખુભાઈ ઉર્ફે ભીખાભાઈ ભાલીયા રહે.વાવરડા તા.ઉના વાળાએ પોતાની વાડીએ આવેલ મકાને રાખેલ છે. આરોપીને સાથે લઈ ત્યાં રેઈડ કરતા ત્યાંથી ઈંગ્લીશ દારૂની પેટીઓ નંગ-૧૮૭ બોટલો નંગ-૧૭૬૪ તથા બીયર નંગ-૯૬૦ કિં.રૂ.૮,૦૧,૬૦૦/-નો પ્રોહી મુદામાલ અને માનભાઈ ભીખુભાઈ ઉર્ફે ભખાભાઈ ભાલીયા હાજર મળી આવતા આરોપીઓ જસુભાઈ દડુભાઈ ગોહીલ રહે. સનખડાને ઝડપી પાડ્યા હતા.

# અમરેલીમાં લોકસાહિત્ય સેતુની દશાબ્દિ વર્ષગાંઠની ભવ્ય ઉજવણી

અમરેલી, તા.૧૬



અમરેલીમાં સંત મોરારીબાપુના આશીર્વાદ અને સ્વર્ગસ્થ પ્રતાપભાઈ પંડ્યાના સૌજન્યથી સ્થપાયેલી લોકસાહિત્ય સેતુ સંસ્થાએ સફળતાપૂર્વક ૧૦ વર્ષ પૂર્ણ કર્યા છે. સારહી તપોવન વૃદ્ધાશ્રમના વિશાળ પ્રાર્થના હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ જોશીએ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી, જ્યારે ઉપપ્રમુખ ગોવિંદભાઈ ગોંડલીયાએ મહેમાનોનું સ્વાગત કર્યું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને સારહી તપોવન વૃદ્ધાશ્રમના નિર્માતા મુકેશભાઈ સંઘાણી હતા, જ્યારે મુખ્ય મહેમાન તરીકે ડૉ. જી.જે. ગજેરા ઉપસ્થિત રહ્યા હતા. લોકસાહિત્ય સેતુના કલાકારોએ તેમની પ્રસ્તુતિઓથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કલાકારોમાં ચંદ્રકાંતભાઈ બારોટ, ઉર્વશીબેન બારોટ, કેવલભાઈ રોકડનો સમાવેશ થતો હતો. શીતલ આઈસ્ક્રીમના માલિક ભુપતભાઈ અને દિનેશભાઈ ભુવાના સૌજન્યથી કલાકારોને પુરસ્કૃત કરવામાં આવ્યા. ડૉ. ગજેરા, મુકેશભાઈ સંઘાણી અને મુકુંદભાઈ મહેતાનું વિશેષ સન્માન કરવામાં આવ્યુ હતું.

# ડોળાસા નજીકની રેવદ પ્રાથમિક શાળાના શિક્ષકે એથ્લેટિક્સમાં બીજો ક્રમ મેળવ્યો


ડોળાસા, તા.૧૬



અખિલ ભારતીય મુલ્કી સેવાઓ એથ્લેટીક્સ સ્પર્ધા, ૨૦૨૪-૨૫માં ભાગ લેનાર ગુજરાત સચિવાલય ટીમની પસંદગી સ્પર્ધાનું આયોજન ૧૩-૦૯ના રોજ સવારે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, નડિયાદ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં રેવદ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક રાઠોડ હરિભાઈ ભાણાભાઈ પુરુષ કર્મચારી ઓપન વિભાગમાં ૧૦૦ મીટર દોડ અને ૪૦૦ મીટર દોડ બન્ને સ્પર્ધામાં દ્વિતીય નંબર મેળવીને સમગ્ર ગીર સોમનાથ જિલ્લો, ઉના તાલુકો અને સમગ્ર શિક્ષકગણ અને રેવદ પ્રા.શાળાનું નામ રોશન કરેલ છે. આ સફળતા બદલ શ્રી રેવદ પ્રા. શાળાના આચાર્ય, સ્ટાફ ગણ, સરપંચ, એસ.એમ.સી. અને સમગ્ર રેવદ ગામ ગૌરવની લાગણી સાથે આભાર વ્યક્ત કરે છે અને અઢળક શુભેચ્છા પાઠવે છે.

# ઉના શહેરમાં જનતા ગ્રુપ દ્વારા ગણેશ મહોત્સવમાં ટ્રેનનું આકર્ષણ ઊભું કરાયું

ઉના, તા.૧૬



ઉનામાં જનતા ગ્રુપ દ્વારા ગણેશ મહોત્સવ ઉજવવામાં આવે છે અને આ વર્ષે ટ્રેન દ્વારા લોકોને કોલસાની ખાણમાં લઈ જવાયા હતા. ટ્રેન દ્વારા દ્વારકા નગરી સહિત અલગ અલગ પ્રોજેક્ટ બતાવવામાં આવે છે. આ ટ્રેન બાળકો સહિત લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી અને મોટી સંખ્યામાં લોકોએ ગણેશોત્સવનો લાભ લીધો હતો. આ મહોત્સવ અંતર્ગત દ્વારકાના દરિયાના પાણીમાં મંદિરના દર્શન થાય તેવાં પ્રોજેક્ટ ગોઠવવામાં આવ્યા હતા. જનતા ગ્રુપના યુવાનોએ આ પ્રોજેક્ટની સફળતા માટે છેલ્લા બે માસથી જહેમત ઉઠાવી હતી.

# ઉના શહેરમાં ગજાનંદ ગ્રુપ આયોજીત ગણેશ મહોત્સવમાં લોકડાયરો યોજાયો

ઉના, તા.૧૬


તસવીર : કૈલેશ ભટ્ટ

ઉના શહેર અને તાલુકામાં ઠેર ઠેર ગણેશ સ્થાપના કરવામાં આવી છે. ઉના શહેરમાં કોળીવાડા વિસ્તારમાં ગજાનંદ ગ્રુપના યુવાનોએ ગણેશ ઉત્સવ આયોજીત કરેલ છે. શહેરના કોળીવાડા વિસ્તારમાં આવેલી વડલા શેરીમાં ગજાનંદ ગ્રુપ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે ગણપતિજીની સ્થાપના કરી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. ગણેશ ઉત્સવમાં લોકડાયરાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગણપતિ ઉત્સવ ડાયરામાં મોટી સંખ્યામાં લોકોએ ડાયરાની મોજ માણી હતી અને કલાકારો પર રૂપિયાનો વરસાદ વરસ્યો હતો.

# કોડીનારમાં પશુઓમાં વિચિત્ર રોગ જોવા મળતાં પશુપાલકોમાં ફફડાટ ફેલાયો

કોડીનાર તા.૧૬



કોડીનાર શહેરમાં દુધાળા પશુઓમાં લંપી નામના રોગચાળા પછી પશુઓમાં મળ મૂત્ર ત્યાગ કરવાની કુદરતી પ્રવૃત્તિ બંધ થઈ જવાના વિચિત્ર પ્રકારના રોગે પગપેસારો કર્યો છે. કોડીનાર શહેરના મામલતદાર ઓફિસ પાછળ વાડી વિસ્તારમાં આવેલ તબેલામાં પાલતુ ગાય અને ભેંસમાં ઝાડો પેશાબ બંધ થઈ જવાના વિચિત્ર રોગને કારણે કિંમતી પશુઓના મરણ પામવાના બનાવ બનતા તબેલાના માલિક માનસિંગભાઈ ગોવિંદભાઈ ડોડીયા મુસીબતમાં મુકાયા હતા. જોકે તેઓ પણ વર્ષોથી પશુપાલન સાથે જોડાયેલા હોય આ પ્રકારનો રોગ પ્રથમ વખત જોવા મળતા તેઓએ તાત્કાલિક કોડીનારના સરકારી પશુ દવાખાના અધિક્ષક ડો. મેહુલભાઈ રાઠોડને જાણ કરતા તેઓ પોતાની ટીમ સાથે તાત્કાલિક તબેલા ઉપર આવી સર્વે કરી તમામ પશુઓની તપાસ અને સારવાર હાથ ધરી હતી.

# પાલીતાણામાં ઈરા ઈન્સ્ટિટ્યૂટ ખાતે નારીપ્રતિષ્ઠા સેમિનાર યોજાયો

પાલીતાણા, તા.૧૬



પાલીતાણામાં ૧૪ સપ્ટેમ્બરના રોજ સરકારી હોસ્પિટલની સામે, તળેટી રોડ પર આવેલ ઈરા ઈન્સ્ટિટ્યૂટ દ્વારા દીકરીઓની પ્રતિષ્ઠા અને સન્માન સંદર્ભે "નારી પ્રતિષ્ઠા" નામના સેમિનાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવર્તમાન સમયમાં દીકરીઓની સુરક્ષા અને સલામતીના હેતુસર પાલીતાણા પોલીસ પરિવાર, SHE ટીમ, અભયમ ૧૮૧ ટીમ અને મુખ્ય વક્તા ધર્મિષ્ઠાબેન દવેના સહયોગથી ઈરા ઈન્સ્ટિટ્યૂટ, પાલીતાણા દ્વારા દીકરીઓની છેડતી, અસલામતીનો અનુભવ, અજાણ્યા ડર, દુષ્કર્મ, અસામાજિક તત્વો દ્વારા કનડગત, આરોગ્યને લગતી અંગત બાબતો વગેરે સમસ્યાઓના સમાધાન અને માર્ગદર્શન માટે ઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરતી ધોરણ-૮થી ૧૨ની વિદ્યાર્થિનીઓ અને તેમની માતાઓ માટે એક ખાસ કાર્યક્રમ "નારી પ્રતિષ્ઠા" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

**જે કોઈ રાહુલ ગાંધીની જીભ કાપશે તેને ૧૧ લાખ રૂપિયાનું ઈનામ**

# રાહુલ ગાંધીએ અમેરિકામાં કરેલા નિવેદન પર શિવસેનાના ધારાસભ્યની વાંધાજનક ટિપ્પણી

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૬

મહારાષ્ટ્રમાં શિવસેનાના ધારાસભ્ય સંજય ગાયકવાડે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિશે વાંધાજનક ટિપ્પણી કરી છે. વાસ્તવમાં, શિવસેનાના ધારાસભ્યએ રાહુલ ગાંધીના અમેરિકામાં અનામતને લઈને આપેલા નિવેદન પર નારાજગી વ્યક્ત કરી હતી અને જે કોઈ



રાહુલ ગાંધીની જીભ કાપશે તેને ૧૧ લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી હતી. જો કે મહારાષ્ટ્ર સરકારમાં શિવસેનાના સહયોગી ભાજપે સંજય ગાયકવાડના નિવેદનથી દૂરી લીધી છે.

સંજય ગાયકવાડ મહારાષ્ટ્રના વિદર્ભ ક્ષેત્રના બુલઢાણાના ધારાસભ્ય છે. અનામતને લઈને રાહુલ ગાંધીના નિવેદન પર સંજય ગાયકવાડે કહ્યું, 'તે વિદેશમાં છે. રાહુલ ગાંધીએ કહ્યું કે તેઓ ભારતમાં અનામત પ્રથાને ખતમ કરવા માંગે છે. આનાથી કોંગ્રેસનો અસલી ચહેરો લોકો સામે આવ્યો છે. આ પછી ગાયકવાડે એક વિવાદાસ્પદ જાહેરાત કરી હતી. શિવસેના ધારાસભ્યના નિવેદન પર ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલેએ કહ્યું કે તેઓ ધારાસભ્યના નિવેદનનું સમર્થન કરતા નથી.

# પશ્ચિમ બંગાળમાં ડૉક્ટરના હત્યા કેસમાં તપાસ દરમિયાન બેદરકારી : સીબીઆઈ

**કોલકાતા પોલીસ આ ઘટનાની માહિતી મળ્યા બાદ ઘટનાસ્થળે ખૂબ જ મોડી પહોંચી**

(એ.આર.એલ),કોલકાતા,તા.૧૬

સીબીઆઈએ તેની તપાસમાં શોધી કાઢ્યું છે કે કોલકાતા પોલીસે તાલીમાર્થી ડૉક્ટરની હત્યાના કેસની તપાસમાં ઘણી બેદરકારી કરી છે. સીબીઆઈના જણાવ્યા અનુસાર, જ્યારે કોલકાતા પોલીસને આ ઘટનાની માહિતી મળી તો તે ઘટનાસ્થળે ખૂબ જ મોડી પહોંચી. સુત્રોના જણાવ્યા અનુસાર, સી બી આ ઈ એ પોતાની રિમાન્ડ નોટમાં કોલકાતા પોલીસની આ બેદરકારીનો ઉલ્લેખ કર્યો છે.



સૂત્રોના જણાવ્યા અનુસાર સીબીઆઈએ તેની રિમાન્ડ બુકમાં લખ્યું છે કે તાલા પોલીસ સ્ટેશનના એસએચઓ અભિજીત મંડલને સવારે ૧૦.૦૩ વાગ્યે આ ઘટનાની માહિતી મળી હતી, જ્યારે તેઓ સવારે ૧૧ વાગ્યે ક્રાઈમ સીન એટલે કે આરજી કાર હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમજ એસએચઓએ મામલાની જાણકારી મળ્યા બાદ પણ તુરંત કેસ નોંધ્યો ન હતો. આટલું જ નહીં, જ્યારે આ ઘટના અંગે ડીડી એન્ટ્રી કરવામાં આવી ત્યારે તે દરમિયાન ખોટી હકીકતોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

# રાજસ્થાનમાં ટ્રક અને જીપ વચ્ચે ટક્કરમાં ૯ના મોત અને ૧૫ ઘાયલ

(એ.આર.એલ),સિરોહી,તા.૧૬

રાજસ્થાનના સિરોહી જિલ્લાના પિંડવારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કંટાલ પાસે રવિવારે રાત્રે ટ્રક અને તૂફાન ટેક્સી (જીપ) વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. સોમવાર સવાર સુધીમાં આ અકસ્માતમાં ૯ લોકોના મોત થયા છે જેમાં ૧ બાળક, ૩ મહિલા અને ૫ પુરૂષનો સમાવેશ થાય છે. તે જ સમયે, ૧૫ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ગંભીર રીતે ઘાયલ બે લોકોને ઉદયપુરની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. જેમાં અન્ય તમામ લોકો ઉદયપુર જિલ્લાના ઓગાના પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી હતા. માહિતી બાદ ધારાસભ્ય સમારામ ગરાસિયા, જિલ્લા કલેક્ટર અલ્પા ચૌધરી અને એસપી અનિલ કુમાર બેનીવાલ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ધારાસભ્ય સમારામ ગરાસિયાએ આ અકસ્માત અંગે શોક વ્યક્ત કર્યો હતો અને ઘાયલોને યોગ્ય સારવાર માટે સૂચના આપી હતી.

# દેશમાં ૩૦૦ કરોડ રૂપિયાના વિઝા કૌભાંડમાં ૬ લોકોની કરાઈ ધરપકડ

**નકલી વિઝા ૮ થી ૧૦ લાખ રૂપિયામાં વેચવામાં આવતા હતા**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૬

દેશમાં ૩૦૦ કરોડ રૂપિયાના મોટા વિઝા કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ સૌથી મોટા કૌભાંડમાં પોલીસે ૫૦૦૦ નકલી વિઝા બનાવવા માટે છ લોકોની ધરપકડ કરી છે. નકલી સ્વીડિશ વિઝા પર ઈટાલી જતો



હરિયાણાનો સંદીપ બીજી સપ્ટેમ્બરે દિલ્હી એરપોર્ટ પર ઈમિગ્રેશન ચેકિંગ દરમિયાન ઝડપાયો હતો. પૂછપરછ દરમિયાન તેના ગામના અનેક લોકો આવા નકલી વિઝા પર વિદેશ ગયા હોવાનું બહાર આવ્યું હતું. સંદીપે આપેલી માહિતીના આધારે દિલ્હીમાં નકલી વિઝા રેકેટનો પર્દાફાશ થયો છે. આ રેકેટ હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ચારથી પાંચ હજાર નકલી વિઝા આપવામાં આવ્યા હતા અને ૩૦૦ કરોડ રૂપિયાની કમાણી કરવામાં આવી હતી. સંદીપે જણાવ્યું કે તેણે આસિફ અલી નામના એજન્ટ પાસેથી ૧૦ લાખ રૂપિયા આપીને નકલી વિઝા મેળવ્યા હતા. પોલીસે આસિફ અલી અને તેના સહયોગી શિવા ગૌતમ અને નવીન રાણાની ધરપકડ કરી હતી.

# ટીમ ઈન્ડિયામાંથી નિવૃત્તિનો કોઈ ઈરાદો નથી : રવિચંદ્રન અશ્વિન

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૬

લાંબા વિરામ બાદ ટીમ ઈન્ડિયા ફરી એકવાર એક્શનમાં પાછી ફરી રહી છે. ૧૯ સપ્ટેમ્બરથી ટીમ ઈન્ડિયા બાંગ્લાદેશ સામે બે મેચની ટેસ્ટ શ્રેણી રમવાની છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના હિસાબે ટીમ ઈન્ડિયા માટે આ સિરીઝ ઘણી મહત્વની બની રહેવાની છે. આ સિરીઝની શરૂઆત પહેલા ટીમ ઈન્ડિયાના દિગ્ગજ સ્પિનર રવિચંદ્રન અશ્વિને પોતાની નિવૃત્તિની યોજનાઓ વિશે ખુલીને વાત કરી છે. રવિચંદ્રન અશ્વિને કહ્યું છે કે તે અત્યારે નિવૃત્તિ વિશે વધુ વિચારી રહ્યો નથી, પરંતુ તેણે



એ પણ જણાવ્યું છે કે તે ક્યારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ છોડી દેશે. રવિચંદ્રન અશ્વિને તેમની યુટ્યુબ ચેનલ પર વિમલ કુમાર સાથેની વાતચીત દરમિયાન તેમની નિવૃત્તિની યોજનાઓ વિશે ખુલીને વાત કરી હતી. તેણે કહ્યું કે જ્યારે તેને હવે તેની રમત સુધારવાની ઈચ્છા નહીં હોય તો તે નિવૃત્તિ વિશે વિચારશે.

# મુખ્યમંત્રી શિંદેના ઘરે સલમાન ખાન અને અર્પિતાએ ગણેશજીની પૂજા કરી

**સીએમ શિંદેએ ઇન્સ્ટાગ્રામ પર સુપરસ્ટાર સાથે ગણેશ પૂજાની તસવીરો શેર કરી**

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૬

બોલિવૂડના ભાઈજાન સલમાન ખાન ગણેશ ચતુર્થીની ઉજવણી કરવા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેના મુંબઈ સ્થિત નિવાસસ્થાને પહોંચ્યા હતા. સલમાનની સાથે



તેની બહેન અર્પિતા ખાન પણ હતી. અગાઉ સલમાન ખાને મુકેશ અંબાણી અને નીતા અંબાણીના ઘરે પણ ગણેશ ઉત્સવમાં ભાગ લીધો હતો.

સીએમ શિંદેએ ઈન્સ્ટાગ્રામ પર સુપરસ્ટાર સાથે ગણેશ પૂજાની તસવીરો શેર કરી હતી. તસવીરોમાં સલમાન બ્લુ શર્ટ અને મેચિંગ જીન્સમાં જોઈ શકાય છે. તે મૂર્તિની સામે હાથ જોડીને પ્રાર્થના કરી રહ્યો છે. બીજી તસવીરમાં એકનાથ શિંદેએ સલમાનને ફૂલોનો ગુલદસ્તો અને રંગબેરંગી શાલ આપી હતી. અર્પિતાને પણ પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરવામાં આવી હતી.

# ગોલ્ફ કોર્સમાં રમતી વખતે ટ્રમ્પની હત્યાનાં પ્રયાસથી રાજકારણમાં સનસનાટી

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૧૬

અમેરિકાના ફ્લોરિડાના વેસ્ટ પામ બીચમાં રવિવારે (સ્થાનિક સમય) પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ફરી એકવાર નિશાન બનાવવામાં આવ્યા હતા. ગોલ્ફ કોર્સ પર રમતી વખતે ફાયરિંગ થયું હતું. આ ઘટનામાં તે સંપૂર્ણપણે સુરક્ષિત છે. રાષ્ટ્રપતિ ચૂંટણી ૨૦૨૪ પહેલા ટ્રમ્પની હત્યાના બીજા પ્રયાસને જોતા સનસનાટી મચી ગઈ છે. આ ઘટના બાદ એક શકમંદની અટકાયત કરવામાં આવી છે. આ ઘટના અંગે વ્હાઈટ હાઉસને જાણ કરવામાં આવી હતી. વ્હાઈટ હાઉસના નિવેદન અનુસાર, રાષ્ટ્રપતિ જો બાઈડેન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને ઈન્ટરનેશનલ ગોલ્ફ કોર્સમાં ટ્રમ્પ પર ગોળીબારની ઘટના વિશે માહિતી આપવામાં આવી હતી.


રિપોર્ટ્સ અનુસાર ફાયરિંગની ઘટના બાદ ટ્રમ્પે પોતાના સમર્થકોને મેસેજ આપ્યો હતો. તેણે કહ્યું કે હું સંપૂર્ણપણે સુરક્ષિત છું.

# આજે કેજરીવાલ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપશે

નવીદિલ્હી,તા.૧૬

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે રાજીનામું આપે તેવી શક્યતા છે. તેમણે સોમવારે કેન્દ્રશાસિત પ્રદેશના લેફ્ટનન્ટ ગવર્નર (એલજી) વીકે સક્સેનાને મળવા માટે સમય માંગ્યો છે. આપના રાષ્ટ્રીય કન્વીનરે રવિવારે (૧૫ સપ્ટેમ્બર) જાહેરાત કરી કે તેઓ બે દિવસમાં તેમના પદ પરથી રાજીનામું આપશે અને રાષ્ટ્રીય રાજધાનીમાં વહેલી ચૂંટણીની માંગ કરશે. અહીં ગોપાલ રાય અને કૈલાશ ગેહલોત અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચ્યા છે. તેની સાથે આતિશી, સૌરભ ભારદ્વાજ, મનીષ સિસોદિયા અને રાખી બિરલા પણ પહોંચી ગયા છે. સીએમ કેજરીવાલે તાજેતરમાં જાહેરાત કરી હતી કે તેઓ રાજીનામું આપવા જઈ રહ્યા છે, આ સંબંધમાં તેમણે એલજી વીકે સક્સેનાને મળવા માટે સમય માંગ્યો છે. આ બેઠકમાં તેઓ લેફ્ટનન્ટ ગવર્નરને પોતાનું રાજીનામું સુપરત કરી શકે છે.

# મુન્દ્રા પોર્ટ પરથી સાઉથ આફ્રિકા મોકલવા માટેની ૧૧૦ કરોડની પ્રતિબંધિત ટેબ્લેટ ઝડપાઈ



ભુજ,તા.૧૬

કચ્છના મુન્દ્રા પોર્ટ પરથી કસ્ટમ વિભાગ દ્વારા ચાર કન્ટેનરમાં ભરેલો પ્રતિબંધિત ટ્રામાડોલ ટેબ્લેટનો જથ્થો જપ્ત કર્યો છે. જેની બજાર કિંમત ૧૧૦ કરોડ રૂપિયા થવા જાય છે. પ્રતિબંધિત દવાનો આ જથ્થો સાઉથ આફ્રિકામાં મોકલવામાં આવી રહ્યો હોવાનું સામે આવ્યું છે. કસ્ટમ વિભાગ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. રાજકોટના મર્ચન્ટ એક્સપોર્ટર દ્વારા જુલાઈ મહિનાના અંતમાં સાત કન્ટેનરો સાઉથ આફ્રિકા માટે નિકાસ કર્યા હતા. જોકે મુન્દ્રા કસ્ટમના સ્પેશિયલ ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓને માહિતી મળી જતા ત્રણ કન્ટેનરો જપ્ત કર્યા હતા. જેમાં ૧૦૦ કરોડની પ્રતિબંધિત ટેબલેટો મળી આવી હતી. આ કેસની તપાસ ચાલુ રાખવામાં આવતા કસ્ટમને એવી માહિતી મળી હતી કે, અગાઉ ચાર કન્ટેનરો સાઉથ આફ્રિકામાં દરિયાઈ માર્ગે જવા માટે નીકળી ગયા છે. કસ્ટમ વિભાગે સાઉથ આફ્રિકાના પોર્ટનો સંપર્ક કરીને ચાર કન્ટેનરો પરત મોકલવા લેખિતમાં જાણ કરી હતી. આ ચાર કન્ટેનરો મુન્દ્રા કસ્ટમમાં પરત આવતા કસ્ટમ વિભાગે ચાર કન્ટેનરમાંથી પ્રતિબંધિત દવાઓ જપ્ત કરી છે. જેની ઈન્ટરનેશનલ માર્કેટમાં કિંમત ૧૧૦ કરોડ થવા માટે જાય છે. અત્યાર સુધીમાં અંદાજે ૨૧૦ કરોડની પ્રતિબંધિત દવાઓ કસ્ટમ વિભાગે જપ્ત કરી છે.

# સુરત શહેરમાં ગણેશ વિસર્જનને લઈ ૧૬,૦૦૦ સુરક્ષાકર્મીઓ તહેનાત : આજે ૨૨ રસ્તા બંધ રહેશે

સુરત, તા.૧૬

સુરતમાં ઈદ અને ગણેશ વિસર્જન મોટા પર્વની ઉજવણી સાથે શહેરમાં ઉત્સાહ, ઉમંગ જોવા મળી રહ્યો છે. સાથે જ ઉચાટભરી સ્થિતિ પણ જોવા મળી રહી છે. સૈયદપુરાની ઘટના બાદ શહેર પોલીસતંત્ર બન્ને પર્વને લઈને સતર્ક થઈ ગયું છે. બે દિવસ પર્વને લઈ ૪૮ કલાક સુરત પોલીસ માટે ખૂબ જ પડકારજનક રહેશે આ માટે સુરત પોલીસ જમીનથી લઈ આકાશ સુધીના દરેક ખુણા પર નજર રાખી રહી છે. સુરત શહેરના ૨૫ જેટલા અતિ સંવેદનશીલ અને સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ ટીયર ગેસના સેલ સાથે ઉભી છે. સુરત પોલીસે



સ્પષ્ટ જણાવી દીધું છે કે, કોઈપણ અસામાજિક તત્વ માહોલ બગાડશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. ઈદે મિલાદ પર્વ નિમિત્તે રાજમાર્ગ પર નીકળતું ઈદે-મિલાદનું જુલૂસ રદ કરવાનો આવકારદાયક નિર્ણય લઈ મુસ્લિમ સમુદાયે એકતા અને ભાઈચારાના દર્શન કરાવ્યા છે. શહેરમાં વિસ્તાર પ્રમાણે ૧૨૦થી વધારે જુલુસ નીકળશે. બીજી બાજુ આવતીકાલને મંગળવારે દુંદાળા દેવ ગણેશજીને ભાવભીની વિદાય આપવામાં આવશે. સુરત શહેરમાં ૨૧ કૃત્રિમ તળાવ અને ૩ કુદરતી ઓવારા પર ૮૦ હજારથી વધુ ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરશે. અતિ સંવેદનશીલ અને સંવેદનશીલ ગણાતા ૨૫ જેટલા પોઈન્ટ પર આવેલા ૩૨૦થી વધુ ધાબા ઉપર પોલીસ તહેનાત છે. દૂરબીનથી દૂર સુધી નજર રાખી રહી છે. ૧૬,૦૦૦ પોલીસ કર્મીની ચાંપતી નજર છે.

# કરોડોની છેતરપિંડીના કેસમાં ટી.વી. સ્વામીની જામીન અરજી હાઈકોર્ટે મંજૂર કરી

અમદાવાદ,તા.૧૬

હરીધામ સોખડાના સ્વામિનારાયણ સંપ્રદાયમાં ચાલતા વિવાદમાં અલગ થયેલા જૂથ દ્વારા કરાતા અનેક લીટીગેશન પૈકી રાજકોટ મુકામે ટ્રસ્ટમાં ૩૩.૩૬ કરોડની છેતરપિંડીની ફરિયાદમાં પોલીસ ધરપકડની દહેશતથી સાધુ ત્યાગવલ્લભ સ્વામી (ટી.વી. સ્વામી) દ્વારા કરાયેલી આગોતરા જામીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે. તેમાં કોઈ



કવેરી કે પ્રશ્ન ઉદભવેલ નથી, સહ આરોપીઓના જામીન થઈ ગયા છે, જે દલીલો રજૂઆતો અને રેકર્ડ પરના પુરાવાઓ ધ્યાને લઈને હાઈકોર્ટ દ્વારા સાધુ ત્યાગવલ્લભ સ્વામી ઉર્ફે ટી.વી. સ્વામીને આગોતરા જામીન ઉપર મુકત કરતો ચુકાદો ફરમાવ્યો છે.

**જેલમાં બંધ ગણેશ જાડેજા સહિત બીજેપીના ઉમેદવારોની જીત**

# હાઈ પ્રોફાઈલ ગણાતી ગોંડલ નાગરિક બેન્કમાં લહેરાયો ભગવો

(એ.આર.એલ),રાજકોટ,તા.૧૬

રાજ્યમાં ચર્ચા જગાવનારી ગોંડલ નાગરિક બેંકની ચૂંટણી માટે ગઈકાલે મતદાન થયુ હતું જે બાદ સૌ કોઈની નજર તેના પરિણામ પર હતી કારણ કે આ ચૂંટણીમાં પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને હાલના ધારાસભ્ય ગીતાબા જાડેજાના પુત્ર ગણેશ જાડેજા જેલમાંથી ચૂંટણી લડી રહ્યા હતા. ત્યારે આખરે સૌની આતુરતાનો અંત આવ્યો છે. આખરે આ ચૂંટણીનું પરિણામ જાહેર થયું છે. ગોંડલ નાગરિક બેન્કની



ચૂંટણીમાં જેલમાંથી લડેલા ગણેશ જાડેજા ( ગોંડલ ) સહિત ભાજપના ૧૧ ઉમેદવારોનો વિજય થયો છે અને કોંગ્રેસનો સફાયો થયો છે ત્યારે ગણેશ જાડેજા સહિત બીજેપીના ઉમેદવારોની જીત થતાં આતિશબાજી સાથે ઉજવણી કરવામાં આવી હતી.

**ટ્રક અને વાહન વચ્ચે ટક્કર થતાં ગમખ્વાર અકસ્માત**

# બનાસકાંઠામાં અંબાજી નજીક અકસ્માતમાં ૬ લોકોના કરૂણ મોત

(એ.આર.એલ),પાલનપુર,તા.૧૬

બનાસકાંઠામાં અંબાજી નજીક સિરોહીમાં ગમખ્વાર અકસ્માતમાં ૬ લોકોના મોત નિપજ્યા હોવાનું સામે આવ્યું છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે સિરોહી રિફર કરાયા છે. પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી છે. સિરોહી તાલુકામાં અંબાજી નજીક પાલી જિલ્લામાંથી મજૂરી કરીને ૧૫ લોકો ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ટ્રક અને વાહન વચ્ચે ટક્કર થતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત પિંડવારા પોલીસ સ્ટેશન વિસ્તારના કંટાલ પાસે સર્જાયો



હતો. જેમાં ૬ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા છે તેવી માહિતી મળવા પામી છે. તમામ ઘાયલોને પ્રાથમિક સારવાર માટે પિંડવાડાની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર




# ગુજરાતભરમાં યોજાશે **સેવા, સ્વચ્છતા** અને **પર્યાવરણ** રક્ષણના ત્રણ અભિયાન



## સ્વચ્છતા હી સેવા અભિયાન

૧૭ સપ્ટેમ્બર થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪

**૧૦મુ સ્વચ્છતા હી સેવા અભિયાન-૨૦૨૪**

સફાઈ-સ્વચ્છતાની શ્રેષ્ઠતા માટે
જિલ્લા-તાલુકા-ગ્રામ્ય કક્ષાએ
**₹૩૪.૮૦ કરોડ**ના **૨૨૨ પુરસ્કારો** અપાશે

**સમૃદ્ધ સમાજનો આધાર, સ્વચ્છતા એકમાત્ર નિર્ધાર**



## સેવા સેતુ કાર્યક્રમ

તા. ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪

**નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાઓ મળી રહે, તે માટે તમામ ગામો-શહેરોમાં કાર્યક્રમો**

**સેવા સેતુ કાર્યક્રમમાં** વિવિધ વિભાગોની
**૫૫ સેવાઓ** પૂરી પાડવામાં આવશે

**જનતા-સરકાર વચ્ચે વિશ્વાસનો સેતુ**



વડાપ્રધાનશ્રીનો સંકલ્પ
**"एक पेड़ माँ के नाम"**
જન-જન સુધી પહોંચશે

માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની
ઉપસ્થિતિમાં
ગાંધીનગર ખાતેથી
ખાસ ઝુંબેશનો
પ્રારંભ

